| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJAM010010632022** | **સ્પે.(પોક્સો) કેસ નં. ૪૦/૨૦૨૨** | કેસ રજુ તારીખ: | ૧૮/૧૦/૨૦૨૨ | | |
| | | કેસ નોંધ્યા તારીખ: | ૧૮/૧૦/૨૦૨૨ | | |
| | **સ્પે.(પોક્સો) કેસ નં. ૪૫/૨૦૨૨** | કેસ રજુ તારીખ: | ૨૧/૧૧/૨૦૨૨ | | |
| | | કેસ નોંધ્યા તારીખ: | ૨૧/૧૧/૨૦૨૨ | | |
| | | કેસ ફેંસલ કર્યા તારીખ: | ૧૮/૦૯/૨૦૨૫ | | |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૨ | ૧૧ | ૦૦ |

## FORM-A

## અમરેલીનાં મહેરબાન સ્પે. જજ (પોક્સો) અને ચોથા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. અમરેલી.

(જજમેન્ટ તારીખ : ૧૮/૦૯/૨૦૨૫)

**સ્પે.(પોક્સો) કેસ નં. ૪૦/૨૦૨૨**
**વિથ કોન્સોલીડેટેડ સ્પે.(પોક્સો) કેસ નં. ૪૫/૨૦૨૨**
**આંક – ૧૦૧**

લાઠી પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૩૪૨૧૦૦૬૦/૨૦૨૧, તા. ૦૨/૦૨/૨૦૨૧, ઈ. પી. કો. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબ

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ. પી. પી. શ્રી એમ. આર. ત્રિવેદી. |
| **સ્પે.(પોક્સો) કેસ નં. ૪૦/૨૦૨૨** | |
| Accused | **(૧) ગોપાલ ઉર્ફે જાડો રમેશભાઈ વાઘેલા,**<br>ઉ. વ. ૨૪, ધંધો – મજુરી,<br>રહે. મોટા દેવળીયા, તા. બાબરા, જી. અમરેલી. |
| | **(૨) ચંદુભાઈ માધુભાઈ માથાસુળીયા,**<br>ઉ. વ. ૩૮, ધંધો – મજુરી,<br>રહે. સુન્દરપરા, વાસાવડ, તા. ગોંડલ, જી. રાજકોટ. |
| **સ્પે.(પોક્સો) કેસ નં. ૪૫/૨૦૨૨** | |

| | |
|---|---|
| | **(૩) રમેશભાઈ સુરાભાઈ વાઘેલા,**<br>ઉ. વ. ૫૦, ધંધો – મજુરી,<br>રહે. મોટા દેવળીયા, તા. બાબરા, જી. અમરેલી. |
| | **(૪) રોહીતભાઈ રમેશભાઈ વાઘેલા,**<br>ઉ. વ. ૨૮, ધંધો – મજુરી,<br>રહે. મોટા દેવળીયા, તા. બાબરા, જી. અમરેલી. |
| Represented by | આરોપીઓ તરફે વિ. વ. શ્રી એફ. વાય. મુસાણી. |

## FORM-B

| | | |
|---|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | | ૧૪/૦૧/૨૦૨૧ થી<br>૧૫/૦૧/૨૦૨૧ સુધી |
| એફ. આઈ. આર. ની તારીખ : | | ૦૨/૦૨/૨૦૨૧ |
| ચાર્જશીટ રજુ તારીખ : | **સ્પે.(પોકસો) કેસ નં. ૪૦/૨૦૨૨** | ૧૮/૧૦/૨૦૨૨ |
| | **સ્પે.(પોકસો) કેસ નં.૪૫/૨૦૨૨** | ૨૧/૧૧/૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | **સ્પે.(પોકસો) કેસ નં. ૪૦/૨૦૨૨** | ૧૭/૦૫/૨૦૨૩ |
| | **સ્પે.(પોકસો) કેસ નં.૪૫/૨૦૨૨** | ૧૮/૦૬/૨૦૨૪ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ : | | ૧૯/૦૭/૨૦૨૩ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | | ૧૫/૦૯/૨૦૨૫ |
| જજમેન્ટની તારીખ : | | ૧૮/૦૯/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | | –– |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગોપાલ ઉર્ફે જાડો રમેશભાઈ વાઘેલા | ૧૨–૦૯–૨૦૨૨ | ૦૯–૦૫–૨૦૨૩ | ઈ. પી. કો. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં | નિર્દોષ | - | - |
| ૨ | ચંદુભાઈ માધુભાઈ માથાસુળીયા | ૦૧–૦૩–૨૦૨૨ | ૧૦–૦૩–૨૦૨૨ | | નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | રમેશભાઈ સુરાભાઈ વાઘેલા | ૦૮–૧૧–૨૦૨૨ | ૧૭–૧૧–૨૦૨૨ | રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબ. | નિર્દોષ | - | - |
| ૪ | રોહીતભાઈ રમેશભાઈ વાઘેલા | ૦૮–૧૧–૨૦૨૨ | ૧૭–૧૧–૨૦૨૨ | | નિર્દોષ | - | - |

## FORM-C
## LIST OF PROSECUTION WITNESS

| **Rank** | **Exhibit** | **Name** | **Nature of evidence** |
|---|---|---|---|
| PW-1 | 20 | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| PW-2 | 22 | ભોગબનનારના માતા | સાહેદ |
| PW-3 | 23 | ભોગબનનાર | સાહેદ |
| PW-4 | 27 | ભાનુબેન ડાયાભાઈ પાડલીયા | સાહેદ (ભોગબનનારનો જન્મનો દાખલો આપનાર) |
| PW-5 | 39 | ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણી | ડોકટર સાહેદ (ભોગબનનારની ગાયનેક તપાસ કરનાર) |
| PW-6 | 46 | ડો. હરેશભાઈ દલસુખભાઈ યાદવ | ડોકટર સાહેદ (ભોગબનનારના ડી. એન. એ. લેનાર) |
| PW-7 | 48 | ડો. જીલભાઈ ગીરીશભાઈ કગથરા | ડોકટર સાહેદ (આરોપીના નમુના અને ડી. એન. એ. લેનાર) |
| PW-8 | 55 | હનીફભાઈ જમાલભાઈ કુરેશી | પંચ સાહેદ (ભોગબનનારના કપડા તેમજ આરોપીને અટક કર્યાના) |
| PW-9 | 60 | દિનેશભાઈ અરજણભાઈ નાગાણી | પંચ સાહેદ (ગુન્હાવાળી જગ્યાના) |
| PW-10 | 63 | સુભાષભાઈ ખોડાભાઈ કાકડીયા | પંચ સાહેદ (ગુન્હાવાળી જગ્યાના) |
| PW-11 | 65 | ગુલુભાઈ જમાલભાઈ જાખરા | પંચ સાહેદ (ભોગબનનારના કપડા તેમજ આરોપીને અટક કર્યાના) |
| PW-12 | 67 | કાળુભાઈ નાનજીભાઈ ગોહેલ | પંચ સાહેદ (ગુન્હાવાળી જગ્યાના) |
| PW-13 | 68 | ડો. સાજનગીરી અનીલગીરી ગૌસ્વામી | ડોકટર સાહેદ (ભોગબનનારનું મેડીકલ તપાસણી અને નમુના લેનાર) |
| PW-14 | 72 | યશવંતસિંહ પ્રવિણસિંહ ગોહિલ | ફરીયાદ લેનાર સાહેદ |
| PW-15 | 75 | પ્રદિપસિંહ રણુભા વાઘેલા | ત. ક. અ. |
| PW-16 | 76 | ચિરાગભાઈ સુભાષભાઈ કુગસીયા | ત. ક. અ. |
| PW-17 | 84 | જયેશકુમાર મનસુખલાલ કૈલા | ત. ક. અ. |
| PW-18 | 96 | મીનાબેન અરવિંદભાઈ સિંગ | ત. ક. અ. |

**LIST OF PROSECUTION EXHIBITS**

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| 1 | 21 | ફરીયાદ |
| 2 | 24 | ભોગબનનારનું સી. આર. પી. સી. કલમ ૧૬૪ મુજબનું નિવેદન ફોરવર્ડીંગ લેટર સહિત |
| 3 | 28 | જરખીયા પે– સેન્ટર શાળાનું જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 4 | 29 | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ |
| 5 | 30 | ભોગબનનારનો જન્મનો દાખલો |
| 6 | 40 | ભોગબનનારની ગાયનેક તપાસ કરવા માટેની પોલીસ યાદી |
| 7 | 41 | ભોગબનનારનો ઓ. પી. ડી. કેસ પેપર |
| 8 | 42 | ભોગબનનારનું એમ. એલ. સી. સર્ટી. |
| 9 | 43 | ભોગબનનારનો યુ. પી. ટી. રીપોર્ટ |
| 10 | 44 | ભોગબનનારનો સોનોગ્રાફી રીપોર્ટ |
| 11 | 45 | ભોગબનનારની ગર્ભપાત માટે ભોગબનનાર માતા – પિતાના સહમતી રીપોર્ટ |
| 12 | 47 | ભોગબનનારનો આઇડેન્ટીફીકેશન ફોર્મ |
| 13 | 49 | આરોપી ગોપાલના મેડીકલ તપાસણીના નમુના લેવા માટેની યાદી |
| 14 | 50 | આરોપી ગોપાલના ડી. એન. એ. સેમ્પલ લેવા માટેની યાદી |
| 15 | 51 | આરોપી ગોપાલનો ઓ. પી. ડી. કેસ પેપર |
| 16 | 52 | આરોપી ગોપાલનો ફોર્મ નં. ૨(બી) |
| 17 | 53 | આરોપીનો આઇડેન્ટીફીકેશન ફોર્મ |
| 18 | 56 | ભોગબનનારના કપડા કબ્જે કર્યાનું પંચનામું |
| 19 | 57 | આરોપી ગોપાલના કપડા કબ્જે કર્યાનું પંચનામું |
| 20 | 58 | આરોપી ચંદુભાઈનું અટક પંચનામું |
| 21 | 59 | આરોપી રમેશભાઇ અને રોહીતભાઈનું અટક પંચનામું. |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 22 | 61 | ગુન્હા વાળી જગ્યાનું પંચનામું. |
| 23 | 62 | વાડીવાળી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| 24 | 64 | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| 25 | 69 | ભોગબનનારના મેડીકલ તપાસણી કરી નમુના લેવાની યાદી |
| 26 | 70 | ભોગબનનારનો ઓ. પી. ડી. કેસ પેપર |
| 27 | 71 | ભોગબનનારનું ફોર્મ ર(બી) |
| 28 | 85 | એફ. એસ. એલ. જૂનાગઢને કરેલ રવાનગી નોંધ ઓનલાઈન પત્રક સહિત |
| 29 | 86 | એફ. એસ. એલ. ગાંધીનગરને કરેલ રવાનગી નોંધ ઓનલાઈન પત્રક સહિત |
| 30 | 87 | એફ. એસ. એલ. જૂનાગઢને મુદામાલ મળ્યા અંગેની પાવતી |
| 31 | 88 | એફ. એસ. એલ. ગાંધીનગરને મુદામાલ મળ્યા અંગેની પાવતી |
| 32 | 89 | ડી. એફ. એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર |
| 33 | 90 | એફ. એસ. એલ. જૂનાગઢને મુદામાલ મળ્યા અંગેની પાવતી |
| 34 | 91 | ડી. એફ. એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર |
| 35 | 92 | ડેપ્યુટ હુકમ |
| 36 | 93 | આરોપી રમેશ અને રોહિતનું અટક પંચનામું |

## :: ચુકાદો::

(૧) ધી પોકસો એકટની જોગવાઈઓ તથા નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામ્મના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**(૨)** આરોપીઓ ભારતીય દંડ સંહિતાની કલમ આઈ. પી. સી. કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩), તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટ–૨૦૧૨ ની (જેને હવે પછી સરળતા ખાતર '' **પોકસો એકટ** '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**(૩)** ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, તા. ૧૪/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૧૫/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન જરખીયા, તા. લાઠી, જી. અમરેલી મુકામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર, ઉ. વ. ૧૪ વર્ષ ૩ માસ ૧૯ દિવસનીને આરોપી નં. ૧ એ ભોગબનનાર ને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ, આરોપી નં. ૨ થી ૪ નાઓએ આરોપી નં. ૧ ને ગુનો કરવામાં મદદગારી કરી ગુન્હો કરેલાનો આક્ષેપ છે.

**(૪)** ભોગબનનારના પિતાએ લાઠી પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ લાઠી પો. સ્ટે. ફ. ગુ. ર. નં. ૧૧૧૯૩૦૩૪૨૧૦૦૬૦/૨૦૨૧ થી આરોપીઓ સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસ કરી તપાસના અંતે હાલના આરોપીઓ પૈકી આરોપી નં. ૧ અને ૨ નાઓ સામે અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા પોકસો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ –૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલુ. જે સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨ થી દાખલ થયેલ છે. ત્યારબાદ વધુ તપાસને અંતે લાઠી પોલીસ સ્ટેશન ના સત્તાધિકારીએ આ કામના આરોપી નં. ૩ અને ૪ નાઓનું અલગથી ચાર્જશીટ રજુ કરેલ જે સ્પે. પોકસો કેસ નં. ૪૫/૨૦૨૨ થી દાખલ થયેલ.

**(૫)** આરોપીઓ જામીન ઉપર હોય હાજર થતા સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨ ના આરોપી નં. ૧ અને ૨ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૧૭** થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીઓની પ્લી યાને નિવેદન **આંક – ૧૮ થી ૧૯ સુધી** નોંધવામાં આવેલ ત્યારબાદ સ્પે. પોકસો કેસ નં. ૪૫/૨૦૨૨ ના આરોપી નં. ૩ અને ૪ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૦૬** થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરેલો અને તે મતલબની આરોપીઓની પ્લી યાને નિવેદન **આંક – ૦૭ થી ૦૮ સુધી** નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**(૫.૧)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી એ સ્પે. પોકસો કેસ નંબર ૪૦/૨૦૨૨ તથા સ્પે. પોકસો કેસ નંબર ૪૫/૨૦૨૨ બંને એક જ ગુનાના ચાર્જશીટ હોય, જેથી બંને ચાર્જશીટને કોન્સોલીડેટ કરી બંને કેસોનો પુરાવો એક કેસમાં નોંધવા **આંક– ૩૨** થી અરજી કરતા, તે લગત હુકમ કરી બંને કેસો કોન્સોલીડેટ કરવામાં આવેલ છે અને બંને કેસોનો પુરાવો સ્પે. પોકસો કેસ નંબર ૪૦/૨૦૨૨ માં નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે મુજબ બંને કેસોનો પુરાવો સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨ માં નોંધવામાં આવેલ છે.

**(૬)** ફરીયાદ પક્ષે **ફોર્મ નં. સી.** માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**(૭)** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી

અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું **આંક– ૯૭** થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં આરોપીઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. વધુમાં આરોપી નં. ૧ નાએ જણાવેલ છે કે, તેઓના ડી.એન.એ. સેમ્પલના નમુના ખોટી રીતે મેળવી ખોટી રીતે મોકલી, સેમ્પલો સાથે ચેડ ચાડ કરી, ખોટો ડી.એન.એ. અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

## <u>(૯) ફરીયાદપક્ષની દલીલો:–</u>

**(૯.૧) સરકાર તરફે વિ. પી. પી. શ્રી એમ. આર. ત્રિવેદી દલીલ કરેલ છે કે,** હાલના કામે આરોપીઓ સામે સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨ ના આરોપી નં. ૧ અને ૨ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૧૭** તેમજ સ્પે. પોકસો કેસ નં. ૪૫/૨૦૨૨ ના આરોપી નં. ૩ અને ૪ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૦૬** થી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવો રજુ રાખવામાં આવેલ છે. ફરીયાદપક્ષે કુલ ૧૮ સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૯.૨) સદર કામે સદર કામે ફરીયાદી/ભોગબનનારના પિતાએ ફરીયાદ આપેલ જે આંક – ૨૧ થી રજુ છે. આંક – ૨૦ થી ફરીયાદી – ભોગ બનનારના પિતા, આંક–૨૨ થી ભોગબનનારની માતા, આંક–૨૩ થી ભોગબનનારને તપાસેલા છે. તેઓની જુબાની

ધ્યાને લેતા આરોપીઓએ ફરીયાદ મુજબનો ગુનો કરેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ આરોપી નં. ૧ એ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનારને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ તેમજ આરોપી નં. ૨ થી ૪ નાઓએ આરોપી નં. ૧ ને ગુનો કરવામાં મદદગારી કરેલ હોવાનું તેમજ તેઓનાં પુરાવા ઉપરથી આરોપીઓએ તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**(૯.૩)** ફરીયાદપક્ષે ભોગ બનનારનાં જન્મના પુરાવા માટે સંબંધીત જરખીયા પે – સેન્ટર શાળના આચાર્યને તપાસેલ છે અને ભોગબનનારના જન્મને લગતા પુરાવા રજુ રાખેલ છે. તેમજ બનાવ સમયે ભોગબનનારની જન્મ તા. ૨૧/૦૬/૨૦૦૭ ની હોવાનું પણ સ્પષ્ટ જણાવેલ છે. તેમજ આ કામે આંક – ૨૮ થી જરખીયા પે – સેન્ટર શાળાનું જનરલ રજીસ્ટરની ખરી નકલ તેમજ આંક– ૨૯ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ તેમજ આંક– ૩૦ થી ભોગબનનારના જન્મનો દાખલો રજુ થયેલ છે. સદર દસ્તાવેજ ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૦૬/૨૦૦૭ હોવાનું પુરવાર થાય છે. આથી બનાવ સમયે ભોગબનનારની ઉંમર સગીરવયની હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

**(૯.૪)** વધુમાં ફરીયાદપક્ષે ડોકટરશ્રીઓને તપાસેલ છે અને તેઓનાં પુરાવામાં ભોગબનનારની શારીરીક તપાસણી કરેલી હોવાની હકીકત જણાવેલ છે અને મેડીકલ પુરાવાઓ રજુ કરેલ છે. જેથી મેડીકલ પુરાવાથી પણ આરોપીઓએ તહોમતનામાં મુજબનો ગુનો કરેલ હોવાની હકિકત સ્પષ્ટ પુરવાર થાય છે.

**(૯.૫)** વધુમાં ફરીયાદપક્ષે પંચનામાનાં પંચએ પંચનામાની હકિકતને સમર્થન કરેલ છે અને પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમજ ત. ક. અ. શ્રીએ પણ પંચનામાઓની તમામ હકિકતોને સંપૂર્ણ સમર્થન કરેલ છે. જેથી ફરીયાદપક્ષ તમામ

પંચનામા પણ વ્યાજબી શંકાથી પર પુરવાર કરેલ છે.

(૯.૬) વધુમાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે. તેમાં તેઓએ પોતાની ફરજ અનુસાર નિષ્પક્ષ અને તટસ્થ રીતે કરેલ તપાસની સંપૂર્ણ હકિકત જણાવેલ છે અને ફરીયાદપક્ષનાં કેસને સંપૂર્ણ સમર્થન કરેલ છે. તેમજ ત. ક. અ. શ્રીએ કરેલ કાર્યવાહીને મેડીકલ પુરાવા તેમજ અન્ય પુરાવાથી સ્પષ્ટ સમર્થન મળેલ છે. તેમની જુબાનીને અન્ય સાહેદોની જુબાનીથી તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળેલ છે.

(૯.૭) વધુમાં ફરીયાદપક્ષે ભોગ બનનારનું સી. આર. પી. સી. ૧૬૪ નું નિવેદન આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા પણ આરોપીઓએ ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોવાની હકિકત તથા તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાની હકિકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવવા પામેલ છે. જેથી સી. આર. પી. સી. ૧૬૪ ના નિવેદન ની હકિકતને નહી માનવાને કોઈ વ્યાજબી કારણ નથી.

(૯.૮) વધુમાં વિ. એ. પી. પી. શ્રી તરફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે આરોપી નં. ૧, ભોગબનનાર તથા ભોગબનનારનાં ભૃણનાં નમુના લઈ, એફ. એસ. એલ. માં મોકલી આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. એફ. એસ. એલ. રીપોર્ટને આં કે પાડેલ છે. ડોકટરશ્રીની જુબાનીમાં ભોગબનનાર પ્રેગ્નેન્ટ હોવાનું સ્પષ્ટ થાય છે. ભોગબનારનું તથા તેનાં ભ્રૃણનું ડી. એન. એ. તપાસણી માટે સેમ્પલ લીધેલ છે. આરોપી નં . ૧ નાં ડી. એન. એ. તપાસણી અર્થે સેમ્પલ લીધેલા છે. એફ. એસ. એલ. નો ડી. એન. એ. તપાસણી અહેવાલ આંકે પાડેલ છે જે મુજબ ભોગબનનારના ભ્રૃણના બાયોલોજીકલ માતા ભોગબનનાર તથા પિતા આરોપી નં. ૧ હોવાનુ સ્પષ્ટ થયેલ છે. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા આરોપી નં. ૧ એ ભોગ બનનાર સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી ભોગબનનારને ગર્ભવતી બનાવતા ભોગબનનારને ગર્ભ રહી ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

(૯.૯) આમ, મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી તહોમતનામા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સફળ ગયેલ હોય

આરોપીઓને તકસીરવાન ઠરાવી યોગ્ય નશ્યત કરવા અરજ કરેલ છે.

## (૧૦) <u>બચાવપક્ષની દલીલો.</u>

**(૧૦.૧) આરોપી તરફે વિ. વ. શ્રી એફ. વાય. મુસાણીએ દલીલ કરેલ છે કે,** હાલના કામે આરોપીઓ સામે સ્પે. પોકસો કેસ નં. ૪૦/૨૦૨૨ ના આરોપી નં. ૧ અને ૨ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૧૭** તેમજ સ્પે. પોકસો કેસ નં. ૪૫/૨૦૨૨ ના આરોપી નં. ૩ અને ૪ ને પોલીસ તપાસના કાગળોની નકલો આપી **આંક – ૦૬** થી ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના ગુનાનો આક્ષેપ છે.

**(૧૦.૨)** વધુમાં તેઓએ એવી પણ દલીલ કરેલ છે કે ફોજદારી કેસમાં ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરવાનો હોય છે, પરંતુ ફરીયાદપક્ષે આ કામે ભોગબનનાર તથા ભોગબનનારના પિતા/ફરીયાદી તથા ભોગબનનારના માતાને સોગંદ ઉપર તપાસેલ છે તેઓ સાહેદોએ ફરીયાદપક્ષનાં કેસને સરતપાસમાં સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ ભોગબનનાર તથા ભોગબનનારના પિતા/ફરીયાદી તથા ભોગબનનારના માતાએ તેમની ઉલટ તપાસમાં ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ ન હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે અને ભોગબનનારે તેમની સોગંદ પરની જુબાની માં સરતપાસ અને ઉલટ તપાસમાં મહત્વની વિરોધાભાષી હકીકત જણાવેલ છે. જેથી આરોપીઓ વિરુધ્ધ ફરમાવવામાં તહોમતનામા મુજબની કોઈ હકીકતને સમર્થન કરેલ નથી.

**(૧૦.૩)** વધુમાં ફરીયાદપક્ષે ભોગ બનનારનાં જન્મના પુરાવા માટે સંબંધીત કચેરીનાં કર્મચારીને તપાસેલ છે અને ભોગ બનનારનો જન્મનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તેમજ ભોગબનનારના પિતા તથા માતાએ તેઓની જુબાનીમાં ભોગબનનારનું જન્મ સ્થળ અલગ અલગ જણાવેલ છે તેમજ ભોગબનનારના જન્મના પુરાવા માટે આચાર્યશ્રીને તપાસેલ છે અને સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા ભોગબનનાર સ્કુલમાં દાખલ થયેલ ત્યારે તેની જન્મ તારીખ અંગેનો પુરાવો સ્કુલમાં રજુ કરવામાં આવેલ નહી

તેમજ ભોગબનનારના પિતાએ જે જન્મ તારીખ જણાવેલ તે જન્મ તારીખ તેઓની સ્કુલમાં રેકર્ડમાં લખવામાં આવેલ હોવાનુ જણાવેલ છે તેમજ સદર પુરાવાને ખુદ ભોગબનનારએ સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદપક્ષ ભોગ બનનારની બનાવ સમયે સગીર વયની ઉંમર હોવાનું પણ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી.

**(૧૦.૪)** વધુમાં ફરીયાદપક્ષે ડોકટરશ્રીઓને તપાસેલ છે અને તેમની જુબાનીમાં મેડીકલ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે, પરંતુ મેડીકલ પુરાવાઓને ખુદ ભોગબનનારએ સમર્થન કરેલ નથી તેમજ મેડીકલ હિસ્ટ્રીને પણ ભોગબનનારએ લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી મેડીકલ પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

**(૧૦.૫)** વધુમાં આ કામે તપાસાયેલ તમામ પંચ સાહેદએ કોઈ પંચનામાને સમર્થન કરેલ ન હોય, પરંતુ તે પુરાવાને પણ ખુદ ભોગબનનાર કે અન્ય સાહેદોએ લેશમાત્ર સમર્થન કરેલ નથી. ત્યારે માત્ર પંચ સાહેદોના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૦.૬)** વધુમાં ફરીયાદપક્ષે ભોગ બનનારનું સી. આર. પી. સી. ૧૬૪ નું નિવેદન આ કામે રજુ કરવામાં આવેલ છે, પરંતુ ખુદ ભોગબનનારએ સી. આર. પી. સી. કલમ ૧૬૪ ના નિવેદનની હકિકતોને કે ફરીયાદપક્ષનાં કેસની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી માત્રને માત્ર ૧૬૪ નાં નિવેદનનાં આધારે પણ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૦.૭**) વધુમાં ફરીયાદપક્ષે પોલીસ સાહેદોને તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની ફરજને અનુરુપ ફરીયાદપક્ષને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ તેઓએ જણાવેલ તપાસની હકીકતને ખુદ ભોગબનનારએ લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોનાં પુરાવા ઉપરથી પણ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૦.૮)** આરોપી પક્ષ તરફે વધુમાં એવી દલીલ કરેલ છે કે જયારે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદી, સાહેદો તથા ખુદ ભોગબનનારએ આરોપી નં. ૧ એ બળાત્કાર કરેલ હોવાની સ્પષ્ટ

હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય ત્યારે માત્ર ડી. એન. એ. રીપોર્ટનાં આધારે ભોગબનનારના ભ્રુણનાં કુદરતી માતા ભોગબનનાર તથા કુદરતી પિતા આરોપી હોવાના રીપોર્ટ માત્રથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષે તહોમતનામા મુજબનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે તેમજ પોતાની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૧) નામદાર પટના હાઈકોર્ટનાં ક્રિમીનલ અપીલ (ડીબી) નં. ૮૬૩/૨૦૧૮, મદનરાય વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (ફેસલ તારીખ ૧૫/૦૯/૨૦૨૩).

(૨) નામદાર રાજસ્થાન હાઈકોર્ટનાં ડી. બી. ક્રિમીનલ અપીલ નં. ૩૫૭/૨૦૨૨, ભગવાન બૈરવા સ.ઓ. શ્રી પોખર વિરુધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન ( ફે. તા. ૦૨/૦૨/૨૦૨૩.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ક્રિમીનલ અપીલ નં. ૩૬/૨૦૦૮, પ્રેમજીભાઈ બચુભાઈ ખસીયા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ (ફે. તા. ૧૬/૦૧ /૨૦૦૯).

**(૧૦.૯)** આમ, ફરીયાદપક્ષ તરફથી તપાસેલ તમામ સાહેદોની જુબાની ઉપરથી આરોપીઓએ ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, સમગ્ર પુરાવો એક સાથે જોતા ફરીયાદપક્ષે તહોમતનામા મુજબનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૧૧)** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>-:મુદ્દા :-</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકે છે કે, બનાવ સમયે ભોગબનનાર સગીર વયના હતા ?

૨. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૪/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૧૫/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન જરખીયા, તા. લાઠી, જી. અમરેલી મુકામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર, ઉ. વ. ૧૪ વર્ષ ૩ માસ ૧૯ દિવસનીને આરોપી નં. ૧ એ ભોગબનનારન લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ, આરોપી નં. ૨ થી ૪ નાઓએ આરોપી નં. ૧ ને ગુનો કરવામાં મદદગારી કરી ગુન્હો કરી, આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનાઓ આચરેલ છે ?

૩. શું હુકમ ?

**(૧૨)** ઉપરોકત મુદ્દા પરત્વનો નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>કાયદાનો મૂળભૂત સિધ્ધાંત :–</u>**

**(૧૩)** આ કેસમાં આરોપી સામે ઘડવામાં આવેલ તહોમતનામામાં જણાવેલ ગુન્હાની હકીકત પુરવાર કરવા માટે પ્રોસીકયુશન દ્વારા રજુ કરાવેલ પુરાવાઓનું મુલ્યાંકન

કરતા પહેલા એ હકીકત નોંધવી મહત્વની છે કે ન્યાયતંત્રના સ્થાપીત સિધ્ધાંત મુજબ પુરાવાનુ મુલ્યાંકન શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી તે માટે કાનુન સમર્પીત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ – ૩ માં કરવામાં આવેલી સાબીતી અને નાસાબીતીની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબીત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને છે તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આમ, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશન ઉપર રહેલી છે અને જો પ્રોસીકયુશન તેમ કરવામાં નિષ્ફળ જાય તો આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. વધુમાં કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પુરાવાઓનું મુલ્યાંકત કરતી વખતે કોર્ટ ધ્વારા ફરીયાદીના પાયાના પુરાવા ને અન્ય સમર્થનકર્તા પુરાવાઓ સાથે મુલ્યાંકન કરી સત્ય હકીકત શોધી ન્યાય કરવાનો હોય છે. આમ સદર સિધ્ધાંતોને ધ્યાને લઈ આ કેસમાં પ્રોસીકયુશન ધ્વારા ઉપરોકત પેરા–૩ માં નોંધ્યા મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે જેનું કાળજીપૂર્વક ન્યાયીક મુલ્યાંકન કરતાં નીચે મુજબ તેની વિગતવારની ચર્ચા કરવામાં આવે છે.

**(૧૪)** ફરિયાદ પક્ષ તરફે ફરીયાદ તથા તહોમતનામાની હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદી તથા અન્ય સાહેદોના પુરાવા લેવામાં આવેલાં છે. તેઓના સોગંદ ઉપરના પુરાવા દરમ્યાન દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલાં છે. જેઓના પુરાવાની નીચે મુજબ

ચર્ચા કરવામાં આવે છે.

**(૧૫) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧ તરીકે ફરીયાદી / ભોગબનનારના પિતાને ×××××× ને આંક – ૨૦ થી તપાસવામાં આવેલ છે**. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,

**(૧૫.૧)** હું આજરોજ કોર્ટમાં હાજર છે તે આ કેસના બન્ને આરોપીઓ ગોપાલભાઈ તથા ચંદુભાઈ ને ઓળખુ છુ કારણ કે આરોપી ગોપાલ મારી ભોગબનનાર દીકરીને ઉપાડી ગયેલ હતો અને આરોપી ચંદુભાઈ એ આ ગુન્હો કરવામા મદદગારી કરેલ છે.

**(૧૫.૨)** હું પરણીત છુ મારી પત્નીનું નામ ×××× છે. મારે લગ્ન થયા આશરે ૨૫ વર્ષ થયેલ છે. લગ્ન જીવનથી મારી પત્ની ××××ને ત્રણ પુત્ર તથા એક પુત્રીનો જન્મ થયેલ છે તે પૈકી પુત્રી છે તે ભોગબનનાર છે. તેની જન્મ તારીખ મને હાલ યાદ નથી પરંતુ બનાવ સમયે તેની ઉંમર ૧૩ વર્ષ અને ૭ મહીના જેટલી હતી. મારી ભોગબનનાર દીકરીનો જન્મ જરખીયા ગામમાં થયેલો અને તેની જન્મની નોંધ આ ગામની પંચાયતમાં કરાવેલ છે.

**(૧૫.૩)** બનાવની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી પરંતુ બનાવ બન્યાને આશરે બે વર્ષ થયેલ છે. બનાવ જરખીયા ગામમાં મારા ઘરેથી બનેલો બનાવ સાંજે સાડા છ સાત વાગ્યાના સુમારે બનેલો. બનાવ સમયે અમારી ભેંસ ખોવાઈ ગયેલ હતી આથી હું તથા મારી પત્ની તથા મારા પુત્રો અમારી ભેંસ શોધવા માટે અમારા ઘરની બહાર ગામમા ગયેલ હતા અને તે સમયે મારી ભોગબનનાર દીકરી અમારા ઘરે એકલી હતી અને અમો તે દીવસે સાંજે સાત સાડા સાત વાગ્યાના સુમારે અમારા ઘરે આવેલા ત્યારે મારી ભોગબનનાર દીકરી અમારા ઘરમા હાજર ન હતી આથી અમોએ આજુ બાજુ તપાસ કરેલી પરંતુ તે મળી આવેલ નહી. આ સમયે મારા પુત્ર ××××ની પત્ની ××××બેન ગામમાં હટાણું કરવા ગયેલા ત્યારે તેમને મારી ભોગબનનાર દીકરીને આરોપી નં. ૧ ગોપાલ ભગાડીને લઈ ગયેલ હોવાનુ કોઈકે જણાવેલ તે અમોને જણાવેલ આથી અમોએ આરોપી નં. ૧ ગોપાલની તપાસ કરતા તે પણ મળી આવેલ નહી આથી બનાવના બીજા દીવસે લાઠી પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે પોલીસે અમોને તે સમયે ફરીયાદ કરવાની ના પાડેલી અને અમોને વધુ તપાસ કરવા જણાવેલ પરંતુ વધુ તપાસ કરવા છતા મારી ભોગબનનાર

દીકરી મળી આવેલ નહી આથી મેં તારીખ ૨/૨/૨૧ ના રોજ લાઠી પોલીસ સ્ટેશનમાં જઈ આરોપી નં. ૧ ગોપાલ વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે. તે ફરીયાદ માર્ક ૭/૨ થી રજુ છે તેમાં મેં કરેલ અંગુઠાનું નીશાન છે તે હું ઓળખી બતાવુ છુ માર્ક ૭/૨ આંક–૨૧ આપવામાં આવે છે. મેં આરોપી નં. ૧ ગોપાલ મારા સાળાનો દીકરો થતો હોવાથી અને તે આ બનાવ દોઢ મહીના અગાઉ પણ મારી ભોગબનનાર દીકરીને ભગાડીને લઈ ગયેલ. પરંતુ તેજ દીવસ ે તે ભોગબનનાર સાથે પકડાઈ ગયેલ અને અમારા સમાજના લોકોએ ભોગબનનારનો કબજો અમોને આપેલો પરંતુ ત્યાર બાદ ફરીથી મારી ભોગબનનાર દીકરીને ભગાડી ગયેલ હોવાથી મેં તેના વિરૂધ્ધ હાલના બનાવ બાબતે ફરીયાદ કરેલ છે.

**(૧૫.૪)** મેં આ બીજા બનાવની ફરીયાદ કર્યા પછી આશરે દોઢ વર્ષ પછી મારી ભોગબનનાર દીકરી કોઈ દવા પીધેલ હોવાથી તેને ગોંડલના દવાખાનામાં દાખલ કરેલ હતી અને તે બાબતની લાઠી પોલીસે અમોને જાણ કરેલી આથી અમો ગોંડલના દવાખાનામાં ગયેલા ત્યારે ગોંડલના દવાખાનામાં મારી ભોગબનનાર દીકરીને સારવાર માટે દાખલ કરેલી હતી. આરોપી નં. ૧ ગોપાલ ત્યાં હતો પરંતુ અમોને જોઈને ત્યાંથી નાસી ગયેલ હતો. મારી ભોગબનનાર દીકરીને આ દવાખાનામાં આશરે સાત દીવસ સુધી રાખેલી અને ત્યાંથી અમરેલી ની પોલીસ મારી ભોગબનનાર દીકરીને અમરેલીના મહીલા પોલીસમાં લાવેલી ત્યારે હું તથા મારી પત્ની ×××× અમરેલીના મહીલા પો.સ્ટે. માં ગયેલા ત્યાં મારી ભોગબનનાર દીકરી હાજર હતી અને પોલીસ મારી ભોગબનનાર દીકરીની અમરેલીની સીવીલ હોસ્પીટલમાં મેડીકલ તપાસ કરાવેલી ત્યાર બાદ તેનું મેજી. શ્રી પાસે નીવેદન નોંધાવડાવેલુ અને પોલીસે મારી ભોગબનનાર દીકરીનો કબજો અમોને સોંપેલો અમોએ અમારી ભોગબનનાર દીકરીને બનાવ બાબતે પુછતા તેણે તેણીને આરોપી નં. ૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલી હોવાનું જણાવેલુ તથા તેણીને આરોપી નં. ૧ બીજા લોકો પાસે તેની ઈજ્જત લુટાવતો હતો અને તેણી ના પાડતી હતી તેથી તેણીને મારી નાખવા માટે આરોપી નં. ૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલ હોવાનું અમોને જણાવેલુ. તથા મારી ભોગબનનાર દીકરીએ આરોપીનં. ૧ ગોપાલે પણ તેણીની સાથે બદકામ કરેલ હોવાનું અમોને જણાવેલુ. હાલ મારી ભોગબનનાર દીકરી અમારી પાસે રહે છે. મારી ભોગબનનાર દીકરીને પુછતા તેણીને બન્ને આરોપીઓ

જરખીયા ગામે આવેલ મારા ઘરે થી બળજબરીથી ઈકો ગાડીમાં નાખીને લઈ ગયેલ હોવાનું પણ અમોને જણાવેલ.

**(૧૫.૫) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે મારા લગ્ન ૨૧ વર્ષની ઉંમરે થઈ ગયેલ. એ વાત ખરી છે કે મારે લગ્ન બાદ સવાસુલીચા (દર સવા વર્ષે) સંતાનોનો જન્મ થયેલ. એ વાત ખરી છે કે ભોગબનનાર અમારા ઘરેથી ગઈ ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષ હતી. એ વાત ખરી છે કે હાલમાં મારી ભોગબનનાર દીકરીના લગ્ન અન્યત્ર થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરી પરત આવી ત્યારબાદ તરત તેના લગ્ન કરી દીધેલા. એ વાત ખરી છે કે મારા દિકરા ××××ની પત્ની ××××ને કોંઈકે એવું કહેલ કે મારી ભોગબનનાર દીકરીને આરોપી નં.૧ ગોપાલ લઈ ગયેલ તેવું જણાવેલ જે આધારે મેં ફરીયાદમાં આરોપીનું નામ જણાવેલું.

**(૧૫.૬)** એ વાત ખરી છે કે અમારૂ તથા આરોપીનું કુટુંબ એકબીજાના સંબંધમાં થાય છે અને અમે બનાવ પહેલાથી એકબીજાને ઓળખીએ છીએ. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરી મળી આવેલ ત્યારે તે હોસ્પિટલમાં હતી અને તેણીએ દવા પીધેલ હતી. એ વાત ખરી છે કે દવાખાનામાં આરોપીના સગા – સંબંધીઓ મારી ભોગબનનાર દીકરીની સારવારમાં હતાં. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરીએ મને એવી કોઈ હકિકત જણાવેલ નહી કે આરોપી નં. ૧ કે અન્ય કોઈ આરોપીઓએ તેણીની સાથે કોઈપણ પ્રકારે શરીર સંબંધ બાંધેલ છે. એ વાત ખરી છે કે આવી કોઈ હકિકત મેં પણ પોલીસને કયારેય લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા દિકરાની ઘરવાળી મને વાત કરતા અનુમાનના આધારે મેં ફરીયાદ લખાવેલ અને તે મુજબ જુબાની આપેલ. એ વાત ખરી છે કે મેં ફરીયાદ લખાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલાનું મને પાછળથી જાણવા મળેલ નહી. એ વાત ખરી છે કે આરોપી નં. ૧ના પિતા અને હું સાળા – બનેવી થઈએ છીએ. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરીએ દવા પીધાની જાણ થતા આરોપી નં. ૧ નો પરિવાર તેણીને સારવાર માટે દવાખાને લઈ ગયેલ.

**(૧૫.૭)** એ વાત ખરી છે કે દવા પીધા અગાઉ મારી ભોગબનનાર દીકરી કયાં હતી તેની મને ખબર નથી.

**(૧૬) આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સાહેદ નં. ૨ તરીકે ભોગબનનારના માતા ×××××× ને આંક – ૨૨ થી તપાસવામાં આવેલ છે.** સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,

**(૧૬.૧)** હું આજરોજ કોર્ટમાં હાજર છે તે આ કેસના બન્ને આરોપીઓ ગોપાલભાઈ તથા ચંદુભાઈ ને ઓળખુ છુ કારણ કે આરોપી ગોપાલ મારી ભોગબનનાર દીકરીને ઉપાડી ગયેલ હતો અને આરોપી ચંદુભાઈ એ આ ગુન્હો કરવામા મદદગારી કરેલ છે.

**(૧૬.૨)** હું પરણીત છુ મારા પતીનું નામ ×××× છે. મારે લગ્ન થયા આશરે ૨૫ વર્ષ થયેલ છે. લગ્ન જીવનથી મને ત્રણ પુત્ર તથા એક પુત્રીનો જન્મ થયેલ છે તે પૈકી પુત્રી છે તે ભોગબનનાર છે. તેની જન્મ તારીખ મને હાલ યાદ નથી પરંતુ બનાવ સમયે તેની ઉં મર ૧૩ વર્ષ અને ૭ મહીના જેટલી હતી. મારી ભોગબનનાર દીકરીનો જન્મ માયાપાદર ગામમાં થયેલો અને તેની જન્મની નોંધ આ ગામની પંચાયતમાં કરાવેલ છે કે કેમ તે મને હાલ યાદ નથી.

**(૧૬.૩)** બનાવ ની ચોકકસ તારીખ મને હાલ યાદ નથી પરંતુ બનાવ બન્યા ને આશરે બે વર્ષ થયેલ છે. બનાવ જરખીયા ગામમાં મારા ઘરેથી બનેલો બનાવ સાંજે સાડા છ સાત વાગ્યાના સુમારે બનેલો. બનાવ સમયે અમારી ભેંસ ખોવાઈ ગયેલ હતી આથી હું તથા મારા પતી તથા મારા પુત્રો અમારી ભેંસ શોધાવા માટે અમારા ઘરની બહાર ગામમાં ગયેલ હતા અને તે સમયે મારી ભોગબનનાર દીકરી અમારા ઘરે એકલી હતી અને અમો તે દીવસે સાં જે સાત સાડા સાત વાગ્યાના સુમારે અમારા ઘરે આવેલા ત્યારે મારી ભોગબનનાર દીકરી અમારા ઘરમા હાજર ન હતી આથી અમોએ આજુ બાજુ તપાસ કરેલી પરંતુ તે મળી આવેલ નહી .આ સમયે મારા પુત્ર ××××ની પત્ની ××××બેન ગામમા હટાણું કરવા ગયેલા ત્યારે તેમને મારી ભોગબનનાર દીકરીને આરોપી નં. ૧ ગોપાલ ભગાડીને લઈ ગયેલ હોવાનું કોઈકે જણાવેલ તે અમોને જણાવેલ આથી અમોએ આરોપી નં. ૧ ગોપાલની તપાસ કરતા તે પણ મળી આવેલ નહી આથી બનાવના બીજા દીવસે લાઠી પોલીસ સ્ટેશનમાં ગયેલા ત્યારે પોલીસે અમોને તે સમયે ફરીયાદ કરવાની ના પાડેલી અને અમોને વધુ તપાસ કરવા

જણાવેલ પરંતુ વધુ તપાસ કરવા છતા મારી ભોગબનનાર દીકરી મળી આવેલ નહી આથી મારા પતીએ તારીખ ૨/૨/૨૧ ના રોજ લાઠી પોલીસ સ્ટેશનમાં જઈ આરોપી નં. ૧ ગોપાલ વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે. આ બનાવના દોઢ મહીના અગાઉ પણ આરોપી નં. ૧ ગોપાલ મારી ભોગબનનાર દીકરીને ભગાડીને લઈ ગયેલ. પરંતુ તેજ દીવસે તે ભોગ બનનાર સાથે પકડાઈ ગયેલ અને અમારા સમાજના લોકોએ ભોગબનનારનો કબજો અમોને આપેલો પરંતુ ત્યાર બાદ ફરીથી મારી ભોગબનનાર દીકરીને ભગાડી ગયેલ હોવાથી મારા પતીએ તેના વિરૂધ્ધ હાલના બનાવ બાબતે ફરીયાદ કરેલ છે અને તે બાબતે પોલીસે મારો જવાબ લીધેલ છે.

**(૧૬.૪)** મારા પતીએ આ બીજા બનાવની ફરીયાદ કર્યા પછી આશરે દોઢ વર્ષ પછી મારી ભોગબનનાર દીકરી કોઈ દવા પીધેલ હોવાથી તેને ગોંડલના દવાખાનામા દાખલ કરેલ હતી અને તે બાબતની લાઠી પોલીસે અમોને જાણ કરેલી આથી અમો ગોંડલના દવાખાનામાં ગયેલા ત્યારે ગોંડલના દવાખાનામાં મારી ભોગબનનાર દીકરીને સારવાર માટે દાખલ કરેલી હતી. આરોપી નં. ૧ ગોપાલ ત્યાં હતો પરંતુ અમોને જોઈને ત્યાંથી નાસી ગયેલ હતો. મારી ભોગબનનાર દીકરીને આ દવાખાનામાં આશરે સાત દીવસ સુધી રાખેલી અને ત્યાંથી અમરેલી ની પોલીસ મારી ભોગબનનાર દીકરીને અમરેલીના મહીલા પોલીસ માં લાવેલી ત્યારે હું તથા મારા પતી ×××× અમરેલીના મહીલા પો.સ્ટે. માં ગયેલા ત્યાં મારી ભોગબનનાર દીકરી હાજર હતી અને પોલીસ મારી ભોગબનનાર દીકરીની અમરેલીની સીવીલ હોસ્પીટલમાં મેડીકલ તપાસ કરાવેલી ત્યાર બાદ તેનું મેજી.શ્રી પાસે નીવેદન નોંધાવડાવેલુ અને પોલીસે મારી ભોગબનનાર દીકરીનો કબજો અમોને સોંપેલો અમોએ અમારી ભોગબનનાર દીકરીને બનાવ બાબતે પુછતા તેણે તેણીને આરોપી નં. ૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલી હોવાનુ જણાવેલુ તથા તેણીને આરોપી નં. ૧ બીજા લોકો પાસે તેની ઈજ્જત લુટાવતો હતો અને તેણી ના પાડતી હતી તેથી તેણીને મારી નાખવા માટે આરોપી નં.૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલ હોવાનુ અમોને જણાવેલુ. તથા મારી ભોગબનનાર દીકરીએ આરોપીનં.૧ ગોપાલે પણ તેણીની સાથે બદકામ કરેલ હોવાનું અમોને જણાવેલુ. હાલ મારી ભોગબનનાર દીકરી અમારી પાસે રહે છે. મારી ભોગબનનાર

દીકરીને પુછતા તેણીને બન્ને આરોપીઓ જરખીયા ગામે આવેલ મારા ઘરે થી બળજબરીથી ઈકો ગાડીમાં નાખીને લઈ ગયેલ હોવાનુ પણ અમોને જણાવેલ.

**(૧૬.૫) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે મારા લગ્ન ૨૦ વર્ષની ઉંમરે થઈ ગયેલ. એ વાત ખરી છે કે મારે લગ્ન બાદ સવાસુલીયા (દર સવા વર્ષે) સંતાનોનો જન્મ થયેલ. એ વાત ખરી છે કે ભોગબનનાર અમારા ઘરેથી ગઈ ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષ હતી. એ વાત ખરી છે કે હાલમાં મારી ભોગબનનાર દીકરીના લગ્ન અન્યત્ર થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરી પરત આવી ત્યારબાદ તરત તેના લગ્ન કરી દીધેલા. એ વાત ખરી છે કે મારા દિકરા ××××ની પત્ની ××××ને કોંઈકે એવું કહેલ કે મારી ભોગબનનાર દીકરીને આરોપી નં.૧ ગોપાલ લઈ ગયેલ તેવું જણાવેલ જે આધારે મારા પતિએ ફરીયાદમાં આરોપીનું નામ જણાવેલું.

**(૧૬.૬)** એ વાત ખરી છે કે અમારૂ તથા આરોપીનું કુટુંબ એકબીજાના સંબંધમાં થાય છે અને અમે બનાવ પહેલાથી એકબીજાને ઓળખીએ છીએ. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરી મળી આવેલ ત્યારે તે હોસ્પિટલમાં હતી અને તેણીએ દવા પીધેલ હતી. એ વાત ખરી છે કે દવાખાનામાં આરોપીના સગા – સંબંધીઓ મારી ભોગબનનાર દીકરીની સારવારમાં હતાં. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરીએ મને એવી કોઈ હકિકત જણાવેલ નહી કે આરોપી નં. ૧ કે અન્ય કોઈ આરોપીઓએ તેણીની સાથે કોઈપણ પ્રકારે શરીર સંબંધ બાંધેલ છે. એ વાત ખરી છે કે આવી કોઈ હકિકત મારા પતિએ કે મેં પણ પોલીસને કયારેય લખાવેલ નથી. એ વાત ખરી છે કે મારા દિકરાની ઘરવાળી મને વાત કરતા અનુમાનના આધારે મારા પતિએ ફરીયાદ લખાવેલ અને તે મુજબ જુબાની આપેલ. એ વાત ખરી છે કે મારા પતિએ ફરીયાદ લખાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલાનું મને પાછળથી જાણવા મળેલ નહી. એ વાત ખરી છે કે આરોપી નં. ૧ ના પિતા અને હું ભાઈ – બહેન થઈએ છીએ. એ વાત ખરી છે કે મારી ભોગબનનાર દીકરીએ દવા પીધાની જાણ થતા આરોપી નં. ૧ નો પરિવાર તેણીને સારવાર માટે દવાખાને લઈ ગયેલ.

**(૧૬.૭)** એ વાત ખરી છે કે દવા પીધા અગાઉ મારી ભોગબનનાર દીકરી કયાં હતી

તેની મને ખબર નથી.

**(૧૭) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે સાહેદ– ભોગબનનારને આંક – ૨૩ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૧૭.૧)** સવાલ:– તારૂ નામ શું છે?

જવાબ:– ભોગ બનનાર તેણીનું ખરૂ નામ જણાવે છે.

સવાલ:– તારા પપ્પાનુ નામ શુ છે?

જવાબ:– મારા પપ્પાનુ નામ ×××× છે.

સવાલ:– તારી મમ્મીનુ નામ શુ છે?

જવાબ:– મારી મમ્મીનુ નામ ×××× છે.

સવાલ:– તમે કેટલા ભાઈ બહેન છો?

જવાબ:– મારે વણ ભાઈ છે અને હુ એક બહેન છું.

સવાલ:– તારી જન્મ તારીખ તને ખબર છે?

જવાબ:– હા, મારી જન્મ તારીખ ૨૧/૬/૨૦૦૭ છે.

સવાલ:– તુ ભણેલી છે?

જવાબ :– હું ધોરણ–૧ થી ૭ સુધી જરખીયા પે સેન્ટર શાળા સરકારી શાળામા ભણેલ છું હાલ હુ કોઈ સ્કુલમાં ભણતી નથી.

સવાલ:– આજે તારી સાથે કોર્ટમાં કોણ આવેલ છે?

જવાબ:– આજે મારી સાથે કોર્ટમાં મારા મમ્મી તથા મારા પપ્પા આવેલા છે.

સવાલ :–તમે આજરોજ કોર્ટનાં ટીવી સ્ક્રીનમાં દેખાય છે તે આરોપી નં. ૧ ગોપાલભાઈ હતા આરોપી નં. ૨ ચંદુભાઈને ઓળખો છો?

જવાબ :– હાજી, હુ આ બંને આરોપીઓ ઓળખુ છું. કારણ કે, આરોપી નં. ૧ ગોપાલ મારા મામાનો દિકરો છે તથા આરોપી નં. ૨ ચંદુભાઈ ને હું બનાવના દિવસથી ઓળખુ છું. હું તેમને અગાઉ ઓળખતી ન હતી.

સવાલ :– તુ હાલ જે કેસમાં જુબાની આપવા માટે કોર્ટમાં આવેલ છે તે કેસના બનાવ

બાબતે તને કાંઈ ખબર છે?

જવાબ :- હાજી,

સવાલ :- તને બનાવ બાબતે શુ ખબર છે?

જવાબ :- મને બનાવની ચોકકસ તારીખ યાદ નથી. પરંતુ બનાવ બન્યે આશરે દોઢ વર્ષ થયેલ છે. બનાવ જરખીયા ગામમાં આવેલ અમારા ઘરેથી બનેલો તે સમયે હું મારા ઘરે એકલી હતી અને મારા ઘરનાં બીજા સભ્યો અમારી ભેસ ખોવાય ગયેલ હતી તેને શોધવા માટે ગામમાં ગયેલ હતા. ત્યારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે આરોપી નં. ૧ ગોપાલ તથા આરોપીનં. ૨ ચંદુભાઈ તથા આરોપી નં. ૧ ગોપાલનો ભાઈ મયુર તથા રોહિત એક ઈકો ગાડી લઈને મારા ઘર આગળ આવેલા અને મારા ઘરમાં ઘુસી ગયેલા અને મને ઉપાડીને ઈકો ગાડીમાં નાખીને દેવળીયા ગામમાં આરોપી નં. ૧ ગોપાલના ઘરની બાજુમાં એક સ્કુલ આવેલ છે ત્યાં લઈ ગયેલા અને ત્યાં આરોપી નં. ૧ ગોપાલે મને તેના ઘરે રાખવી છે તેવુ કહેલુ અને મને જબરજસ્તીથી રાખવી છે તેવુ કહેલુ પરંતુ મેં તેની સાથે રહેવા ના પાડેલી. આથી આ તમામ લોકો મને ત્યાંથી ઈકો ગાડીમાં નાખીને આરોપી નં. ૨ ચંદુભાઈના ઘરે તેના ગામમાં લઈ ગયેલા તે ગામનુ નામ મને આવડતુ નથી. ત્યાં મને બે મહીના સુધી રાખેલી ત્યાં આ બધા મને ધમકી આપીને ઘરમાં બાંધીને રાખતા હતા. ત્યાં પણ આરોપી નં. ૧ ગોપાલ મને જબરજસ્તીથી તેના ઘરે રાખવાનુ જણાવતો હતો. પરંતુ હું તેમ કરવાની ના પાડતી હતી. અને ત્યાં આરોપી નં. ૧ ગોપાલ તથા આરોપી નં. ૨ ચંદુભાઈ તથા આરોપી નં. ૧ ગોપાલના ભાઈ મયુર તથા રોહિત તમામ લોકોએ અલગ અલગ દિવસે મારા ઉપર છ થી સાત વખત બળાત્કાર કરેલો. અને ત્યારબાદ બે મહીના પછી આ તમામ લોકો મને આરોપી નં. ૧ ગોપાલ તથા આરોપી નં. - ૨ ચંદુભાઈના ઘરે થી ઈકો ગાડીમાં નાખીને ગોંડલ શહેરની બાજુમાં આવેલ એક ગામ કે જેનુ નામ મને આવડતુ નથી તે ગામમાં ત્યાં આરોપી નં. ૨ ચંદુભાઈના કોક સગાના ઘરે લઈ ગયેલા ત્યાં આશરે ૨૦ થી ૨૫ દિવસ મને રાખેલી અને ત્યાં આરોપી નં. ૨ ચંદુભાઈના કોક સગા હતા તેઓ મને ત્યાં રહેવુ પડશે તેવી ધમકી આપતા હતા. અને આ ૨૦ થી ૨૫ દિવસ દરમ્યાન બે તણ વખત આરોપી નં. ૧ ગોપાલ તથા આરોપીનં. ૨ ચંદુભાઈ તથા આરોપી નં. ૧ ગોપાલના ભાઈ મયુર તથા રોહિત

એ તમામ લોકોએ અલગ અલગ દિવસે મારા ઉપર બે થી ત્રણ વખત બળાત્કાર કરેલો. ત્યારબાદ આ તમામ લોકો મને ત્યાંથી ઈકો ગાડીમાં નાખીને ગોંડલ શહેરની બાજુમાં આવેલ અનિડા ગામમાં આવેલ એક વાડીએ લઈ ગયેલા. આ વાડી હરેશભાઈ પટેલની હતી. અને આ વાડીમાં આ લોકોએ મને છ થી સાત મહીના સુધી રાખેલી અને ત્યાં મને તેઓ બાંધી ને રાખતા હતા અને ત્યાં આ સમય દરમ્યાન આરોપી નં. ૧ ગોપાલ તથા આરોપીનં. ર ચંદુભાઈ તથા આરોપી નં.૧ ગોપાલના ભાઈ મયુર તથા રોહિત એ તમામ લોકોએ અલગ અલગ દિવસે મારા ઉપર છ થી સાત વખત બળાત્કાર કરેલો અને ત્યારબાદ આ આરોપીઓ તથા મયુર તથા રોહીત એ તમામ લોકો મને ઈકો ગાડીમાં બેસાડીને દેવળીયા ગામની બાજુમાં આવેલ એક વાડી કે જે આરોપી નં. ૧ ગોપાલના પિતાએ વાવવા રાખેલ હતી ત્યાં લઈ ગયેલા અને અને ત્યાં મને તમામ લોકોએ માર મારેલો તથા આ તમામ લોકોએ મને જબરજસ્તીથી ઝેરી દવા પીવડાવેલી અને ત્યાંથી મને ગોંડલના સરકારી દવાખાનામાં ઈકો ગાડીમાં બેસાડી આ લોકો લઈ ગયેલા અને ત્યાં મને સારવાર માટે દાખલ કરાવેલી અને હુ આ દવાખાનામાં બેભાન થઈ ગયેલી હુ આ દવાખાનામાં આશરે ૧૫ દિવસ રહેલી અને ત્યાં દવાખાનામાં કામ કરતા લોકોએ મારા ફોટા લાઠી પોલીસ સ્ટેશનમાં મોકલેલ આથી લાઠી પોલીસ સ્ટેશન તરફથી મારા મમ્મી પપ્પાને જાણ કરવામાં આવેલી આથી મારા મમ્મી પપ્પા ગોંડલના સરકારી દવાખાનામાં આવેલા અને મેં તેમને મારી સાથે બનેલ બનાવની વાત કરેલી. ત્યારબાદ અમરેલીની પોલીસ ત્યાં આવેલી અમરેલીનાં મહીલા પોલીસ સ્ટેશનમા લાવેલી અને ત્યાં મારા મમ્મી પપ્પા આવેલા ત્યારે પણ મેં મારી સાથે બનાવની વાત કરેલી. મારા મમ્મી પપ્પા ગોંડલના દવાખાનામાં આવેલા ત્યારે આરોપીઓ ત્યાંથી જતા રહેલા હતા. હું ગોંડલના સરકારી દવાખાનામાં હતી ત્યારે કોઈ મામલતદાર ત્યાં આવેલા તે સમયે હું ભાનમાં ન હતી અને મેં આ મામલતદાર સાહેબ રૂબરૂ કાંઈ લખાવેલ નહી પરંતુ આરોપી નં. ૧ ગોપાલના મમ્મી તોગાબેન ત્યાં હતા અને તેઓએ મામલતદાર સાહેબ રૂબરૂ લખાવેલુ અને તેઓએ મારા મમ્મી પપ્પાએ મને દવા પીવડાવેલ છે તેવુ ખોટુ લખાવેલુ. અને આ લખાણમાં મામલતદાર સાહેબે મારી સહી કરાવેલી કે કેમ તે મને હાલ યાદ નથી.

સવાલ :– પોલીસે તારા કોઈ કપડા કબજે કરેલ હોય તેવુ કાંઈ બનેલ છે?

જવાબ :– હાજી,

સવાલ :– પોલીસે બનાવ બાબતે તારી પુછપરછ કરી તારૂ કોઈ નિવેદન નોંધેલ છે?

જવાબ :– હાજી,

સવાલ :– પોલીસ તને કોઈ મેજી. શ્રી પાસે તારુ નિવેદન નોંધાવવા માટે લઈ ગયેલી?

જવાબ :– હાજી, પોલીસ મને વડીયાની કોર્ટના મેજી.શ્રી રૂબરૂ મારૂ નિવેદન નોંધાવવા વડીયાની કોર્ટમાં લઈ ગયેલ અને ત્યાં મેજી. રૂબરૂ મેં મારૂ નિવેદન લખાવેલ અને તેમાં મેં સહી કરેલી.

સવાલ :– તે વડીયાની કોર્ટના મેજી.શ્રી રૂબરૂ લખાવેલ નિવેદન બતાવવામાં આવે તો તેમાં તુ તારી સહી ઓળખી શકે ?

જવાબ :– હાજી,

નોંધ:– આ કામે એક સફેદ બંધ કવર ખોલતા તેમાંથી ફોરવડીંગ લેટર સાથે એક બીજુ ખાખી કલરનુ બંધ કવર નીકળેલ છે અને તેમાંથી ભોગબનનારનું સી.આર.પી.સી.ની ક.૧૬૪ મુજબનું નિવેદન નીકળેલ છે,તે નિવેદનમાં ભોગબનનાર સાહેદ પોતાની સહી હોવાનુ ઓળખી બતાવે છે.આ કવરમાંથી નીકળેલ સી.આર.પી.સી.ની ક.૧૬૪ મુજબના નિવેદનને આંક–૨૪ આપવામાં આવે છે.

સવાલ :– પોલીસે કબજે કરેલા તારા કપડા તને બતાવવામાં આવે તો તે ઓળખી શકે?

જવાબ :– હાજી,

નોંધ:– આ કામમાં પોલીસે મુદામાલ પાવતી નં.૩૦/૨૧ થી કબજે કરેલ મુદામાલ આર્ટીકલ નં. ૧ તથા ૨ છે જે અલગ અલગ કપડાની થેલીમાં સીલબંધ હાલતમાં બે નંગ કપડા છે, તે ખોલીને ભોગબનનાર સાહેદને રૂબરૂમાં બતાવતા તે કપડા પોતાના હોવાનું ભોગબનનાર સાહેદ ઓળખી બતાવેલ છે. અને આ કપડા તેણે પોલીસને આપેલ હોવાનુ જણાવે છે.

**(૧૭.૨) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે હાલ મારી ઉંમર ૨૧ વર્ષની છે. મારા લગ્ન આજથી દોઢેક વર્ષ પહેલા

થયેલા. એ વાત ખરી છે કે બનાવ સમયે મારી ઉંમર ૧૯ વર્ષ જેટલી હતી. એ વાત ખરી છે કે બનાવ સમયે મને મારા માતા – પિતાએ ઘર કામ બાબતે ઠપકો આપેલો જેથી હું મારી જાતે રીસાઈને ઘરેથી નિકળી ગયેલી. એ વાત ખરી છે કે ઘરેથી નીકળ્યા બાદ હું અલગ અલગ વાડી ખેતરોમાં દૈનિક મજુરી કામ કરી મારૂ ગુજરાન ચલાવતી હતી. એ વાત ખરી છે કે આવી રીતે અલગ અલગ ખેતર વાડીઓમાં મજુરી કામ કરતા હું ખુબજ કંટાળી ગયેલ હતી પરંતુ મારી જાતે ઘરેથી નીકળી ગયેલ હોય ઘરે પરત ફરવાની હિંમત થતી ન હતી. એ વાત ખરી છે કે હું ખુબજ કંટાળી ગયેલ હોય અને શું કરવુ તે સમજ પડતી ન હોય મેં દવા પીવાનું નકકી કરેલુ અને દવા ખરીદેલી.

**(૧૭.૩)** એ વાત ખરી છે કે આરોપી નં. ૧ ના પિતા કે જે પણ આરોપી છે તેઓ મારા સગા મામા થાય છે. એ વાત ખરી છે કે દવા પીતા પહેલા મને એવો વિચાર આવેલો કે હું મારા મામાના ઘરે જઈ મારા ઘરે જવાનો પ્રયત્ન કરૂ. એ વાત ખરી છે કે મારા મામા રમેશભાઈએ મને એવું કહેલું કે હું તને તારા ઘરે મુકી જાવ પરંતુ હું બીજી કોઈ લપમાં પડુ નહીં . એ વાત ખરી છે કે ત્યારબાદ મને મનમાં ખુબજ લાગી આવેલ અને ઘરે પરત જઈ શકીશ નહી તેવું જણાતા મેં દવા પી લીધેલી. એ વાત ખરી છે કે મેં દવા પીતા મને મારા મામા અને તેમના ઘરના લોકો ગોંડલ દવાખાને લઈ ગયેલા અને ત્યાં મારી સારવાર કરાવેલી. એ વાત ખરી છે કે તે લોકોએ મારા માતા – પિતાને પણ જાણ કરી બોલાવી લીધેલા.

**(૧૭.૪)** એ વાત ખરી છે કે દવાખાને પોલીસે મારી પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે આ પુછપરછમાં ફકત મારૂ નામ – ઠામ પુછેલ તે સિવાય કઈ પુછેલ નહીં. એ વાત ખરી છે કે પોલીસે મારો જવાબ મને વંચાવેલ નહીં. એ વાત ખરી છે કે પોલીસે મને ડોકટર સાહેબ તથા જજ સાહેબને શું હકિકત લખાવવી તે સમજાવેલ અને તે મુજબ લખાવવાનું જણાવેલુ જેથી મેં તે મુજબ જણાવેલું. એ વાત ખરી છે કે મારી કોર્ટ રૂબરૂ જુબાની થઈ તે પણ પોલીસની કહ્યા મુજબ લખાવેલી.

**(૧૭.૫)** એ વાત ખરી છે કે આરોપી ગોપાલ કે અન્ય કોઈપણ મને કોઈપણ રીતે લલચાવી – ફોસલાવી લઈ ગયેલ નથી કે મારી સાથે કોઈપણ પ્રકારે કોઈએ કોઈપણ જાતનો શરીર સંબંધ રાખેલ નથી કે આવી કોઈ હકિકત મેં મારા માતા – પિતા કે અન્ય

કોઈને પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે હું સારવારમાં સાજી થયા બાદ મને મારા માતા – પિતા મારા ઘરે લઈ ગયેલા અને ત્યારબાદ મારી મરજીથી મારા લગ્ન અન્યત્ર કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે હાલ હું મારા સાસરે સુખેથી રહુ છું. એ વાત ખરી છે કે ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી.

**(૧૭.૬)** આજરોજ હું મારા માતા – પિતા સાથે આવેલ છું. હું આજરોજ જે જુબાની આપુ છુ તે મારી મરજીથી આપુ છું. મને કોઈના દવારા કોઈપણ પ્રકારે લોભ – લાલચ, પ્રલોભન કે ધાક – ધમકી આપવામાં આવેલ નથી.

**(૧૮) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે સાહેદ– ભાનુબેન ડાયભાઈ પાડલીયાને આંક – ૨૭ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,–**

**(૧૮.૧)** હું લાઠી તાલુકાના જરખીયા પે– સેન્ટર શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતી હતી. હું ગઈ તા. ૩૧/૫/૨૦૨૨ ના રોજ નિવૃત થયેલ છું. મને નામ. કોર્ટનો સમન્સ બજતા હું આજરોજ અમારી શાળાના વિદ્યાર્થીઓનુ રાખવામા આવતુ જનરલ રજીસ્ટર મારી સાથે લઈને આવેલ છું. આ કામની ભોગબનનાર ડો/ઓ ×××× અમારી સ્કુલમાં ધોરણ – ૭ મા અભ્યાસ કરતા હતા અને તા. ૨૭/૧૧/૨૦૨૦ ના રોજ અમારી સ્કુલમા ધોરણ –૭ મા દાખલ થયેલા અને તા. ૧/૨/૨૦૨૧ ના રોજ સ્કુલ છોડી દીધેલ છે. અમારી શાળાના વિદ્યાર્થીઓના જનરલ રજીસ્ટરના પાના નં. ૫૮ માં એન્ટ્રી નં. ૫૨૬૦ થી આ ભોગબનનારની નોંધ થયેલ છે. તેમા તેની જન્મ તારીખ ૨૧/૬/૨૦૦૭ ની હોવાનું જણાવેલ છે. હુ આ જનરલ રજીસ્ટરના પાના નં. ૫૮ ની ખરી નકલ રજુ કરુ છું. તેને રજુ આંક–પી – ૨૮ આપવામાં આવે છે અમારી સ્કુલ તરફથી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર આપવામાં આવેલુ તેની ખરી નકલ હું રજુ કરુ છુ. આ પ્રમાણપત્ર ને આંક–પી.– ૨૯ આપવામાં આવે છે. તે આ કામે પોલીસને ભોગબનનારની જન્મ તારીખનો દાખલો આપેલો તે માર્ક ૭/૧૦ થી રજુ છે. તેમા દાખલો આપનાર તરીકે મારી સહી છે. તે હું ઓળખી બતાવુ છું . માર્ક ૭/૧૦ ને આંક–પી – ૩૦ આપવામાં આવે છે.

**(૧૮.૨) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** ભોગબનનારને અમારી સ્કુલમાં દાખલ કરવામાં આવેલ ત્યારે તેની જન્મ તારીખ અંગેનો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નહી. પરંતુ ભોગબનનારના પિતાએ જે જન્મ તારીખ લખાવેલી તે મુજબ ભોગબનનારની જન્મ તારીખ અમારા રેકર્ડમાં લખવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, ભોગબનનારે અગાઉ જે સ્કુલમાં અભ્યાસ કરેલ તે સ્કુલની એલ.સી. અમારી સ્કુલમાં રજુ કરવામાં આવેલ નહી. ભોગબનનાર અગાઉ ધોરણ– ૧ થી ૬ સુધી અમારી સ્કુલમાં ભણેલા ત્યારબાદ સ્કુલ છોડી દિધેલી અને ત્યારબાદ ફરીથી ધોરણ –૭ માં અમારી સ્કુલમાં દાખલ થયેલ. પરંતુ ભોગબનનારને અગાઉ ધોરણ –૧ માં અમારી સ્કુલમાં દાખલ કરવામાં આવેલી ત્યારે તેની જન્મ તારીખ અંગેનો પુરાવો અમારી સ્કુલમાં રજુ કરવામાં આવેલ નહી. પરંતુ તે સમયે તેના પિતાએ જે જન્મ તારીખ જણાવેલી તે જન્મ તારીખ અમારી સ્કુલના રેકર્ડમાં લખવામાં આવેલ છે.

**(૧૯) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે સાહેદ– ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણીને આંક – ૩૯ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,–**

**(૧૯.૧)** તા. ૧૮/૦૯/૨૧ રાત્રીના ૦૮:૨૫ વાગ્યે ભોગબનનાર ડો/ઓ જગાભાઈ માવજીભાઈ ચારોલા ઉ.વ.૧૩ વર્ષ ૭ માસ પોલીસ યાદી પ્રમાણે. મહિલા પો. ધારાબેન મનુભાઈ સિંધવ બ. નં. ૫૭૦ વાળાઓએ પી. આઈ. એ. એચ. ટીઆુ મહિલા પો. સ્ટે. અમરેલીની પોલીસ યાદી સાથે આવેલ. આજરોજ હું પોલીસ યાદી મારી સાથે લાવેલ છું જેમાં રીસીવ્ડમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ આંક – ૪૦ આપવામાં આવે છે.

**(૧૯.૨)** મે તેણીનો ઓ. પી. ડી. કેસ નં. ૬૬૦૮૧ માં મે મારી ગાયનેક તપાસની નોં ધ લખેલી. મે તેણીને અમારા નર્સીંગ સ્ટાફ તથા મહીલા પોલીસની હાજરીમાં તેણીની તપાસ કરેલ. આજરોજ મારી સાથે ઓ. પી. ડી. કેસ મારી સાથે લાવેલ છું. જે મારા હસ્તાક્ષરમાં છે અને નીચે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક – ૪૧ આપવામાં

આવે છે.

**(૧૯.૩)** ભોગબનનાર ડો/ઓ ×××× ની હિસ્ટ્રી ''તા.૧૪/૦૧/૨૧ના રોજ ગોપાલ રમેશભાઈ વાઘેલા સાથે મરજીથી તથા બળજબરી વગર ભાગી ગયા હતા. તા.૧૮/૦૯/૨૧ ના રોજ પરત આવ્યા હતા. આ દરમિયાન ગોપાલ રમેશભાઈ વાઘેલા સાથે અનેક વખત મરજીથી તથા બળજબરી વગર સંભોગ કરેલ હતો. છેલ્લો સંભોગ દસ દિવસ પહેલા કરેલ હતો. માસીકની છેલ્લી તા. ૮/૮/૨૧ ના રોજ હતી. ભાગી ગયા પહેલા આરોપી સાથે ઘણી વખત મરજીથી તથા બળજબરી વગર સંભોગ કરેલ હતો. ''

**(૧૯.૪)** ઓળખ ચિન્હ– જમણા હાથ ઉપર અંગ્રેજીમાં 'આર' નું ટેટુ માર્કનું નિશાન હતુ.

**(૧૯.૫)** ગાયનેકોલોજીકલ એકઝામીનેશન: સેકન્ડરી સેકસ કેરેકટર તેણીના ઉંમર પ્રમાણે વિકસેલા હતા તેમજ તેમા કોઈપણ જાતની ઈજાઓ જોવા મળેલ ન હતી તેમજ નખના ઉઝરડા તથા દાંતના નિશાન જોવા મળેલ ન હતા.

<u>પર વલવલ એકઝાનીમેશન</u>

**(૧૯.૬)** યોનીપટલ એબ્શન હતું., યોનીના દીવાલ પર કોઈપણ જાત ની ઈજાઓ જોવા મળેલ નહી, તેમજ કોઈપણ જાતનું પ્રવાહી જોવા મળેલ નહી.

<u>ઈન્વેસ્ટીગેશન</u>

**(૧૯.૭)** યુરીન પ્રેગનેન્સી ટેસ્ટ પોઝીટીવ હતુ તથા વિડીઆરએલ ટેસ્ટ નેગેટીવ હતો. સોનોગ્રાફી પ્રમાણે દસ અઠવાડીયાનું ગર્ભ હતો.

<u>અભિપ્રાય</u>

**(૧૯.૮)** ભોગબનનારની યુ. પી. ટી. પોઝીટીવ હતી અને સોનોગ્રાફી પ્રમાણે દસ અઠવાડીયાનું ગર્ભ હતો તેથી તેણી ગર્ભવતી હતી.. ભોગબનનારના શરીરમાં કોઈ બાહય કે આંતર ઈજાઓ જોવા મળેલ ન હતી, ભોગબનનારના ગુપ્ત ભાગે સંભોગ થયેલો છે.

**(૧૯.૯)** મને માર્ક ૭/૧૧ વાળુ એમ. એલ. સી. સર્ટી બતાવવામાં આવે છે જે ભોગબનનારને તપાસીને મેં સર્ટી. આપેલુ તેમાં મારી સહી અને સીકકો છે, જે મારા હસ્તાક્ષરમાં છે તે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક – ૪૨ આપવામાં

આવે છે. તથા આજરોજ હું યુ. પી. ટી. લેબોરેટરીનો રીપોર્ટ સાથે લાવેલ છું જેમાં પેથોલોજીની સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને સયુકત રજુ દાખલ આંક – ૪૩ આપવામાં આવે છે. મને માર્ક ૭/૧૨ વાળુ સોનોગ્રાફી રીપોર્ટ બતાવવામાં આવે છે જે ડો. ભરતભાઈ પાડા દવારા રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે જેમાં તેમની સહી છે જે હું ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ આંક – ૪૪ આપવામાં આવે છે. તથા આજરોજ હું ભોગબનનારની ગર્ભપાત માટે ભોગબનનારના માતા – પિતાની સંમતી રીપોર્ટ સાથે લાવેલ છું જેમાં તેમની સહી છે જે હું ઓળખી બતાવુ છું. જેને રજુ દાખલ આંક – ૪૫ આપવામાં આવે છે.

**(૧૯.૧૦) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ભોગબનનારની ગાયનેક રીલેટેડ સંપુર્ણ તપાસ મેં કરેલી. એ વાત ખરી છે કે ભોગબનનાર મારી પાસે તપાસણી માટે આવેલ ત્યારે સંપુર્ણ ભાનમાં હતા. એ વાત ખરી છે કે ભોગબનનારના શરીરે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહી. એ વાત ખરી છે કે ભોગબનનારની ઉંમર પોલીસ યાદી પ્રમાણે લખી લીધેલ છે.

**(૧૯.૧૧)** એ વાત ખરી છે કે મારી તપાસમાં એવુ જણાઈ આવેલ નહી કે ભોગબનનારની સાથે બળજબરી થયેલ હોય તેવા ચિન્હો જણાયેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારને બાહ્ય કે આંતરીક ઈજાઓ જોવા મળેલ નથી.

**(૧૯.૧૨)** યોની પટલ તુટવાના જુદા જુદા કારણો હોઈ શકે જેમાં હસ્તમૈથુન, કસરત, પડી જવાથી, સાયકલીંગ કરવાથી સંભવીત થઈ શકે. એ વાત ખરી છે કે માત્ર શારીરીક સંભોગથી યોની પટલ તુટી શકે નહીં. એ વાત ખરી છે કે મેં આપેલી એમ. એલ. સી. યાદીમાં ભોગબનનારની હિસ્ટ્રી લખેલ નથી. એ વાત ખરી નથી કે ભોગબનનાર સાથે શારીરીક સંબંધ થયેલાની હકિકત મે મારી જાતે લખી લીધેલ છે.

**(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૬ તરીકે સાહેદ– ડો. હરેશભાઈ દલસુખભાઈ યાદવને આંક – ૪૬ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૦.૧)** ગઈ તા. ૨૦/૦૯/૨૦૨૧ ના રોજ અમરેલી સીવીલ હોસ્પીટલમાં મેડીકલ

ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ભોગબનનાર ડો/ઓ ××××ને દાખલ કરી ગાયનેકોલોજીસ્ટ રામાણી સાહેબે બપોરના ૧૨:૩૦ કલાકે ભોગબનનારનું એમ. ટી. પી. કરી તેમના પ્રોડકટ એક સીલબંધ બોટલમાં આપેલ અને ભોગબનનારનું બ્લડ એન્ટીકોગ્યુલન્ટ લઈ મને બન્ને બોટલ આપેલ આ બન્ને બોટલને સીલબંધ કરી તેના પર લેબલ કરી ડી. એન. એ. ટેસ્ટ માટે આઈડેન્ટીફીકેશન ફોર્મ ભરી ડી. એન. એ. ટેસ્ટ માટે પોલીસને આપેલ.

**(૨૦.૨)** મને માર્ક ૦૭/૧૪ વાળુ આઈડેન્ટીફીકેશન ફોર્મ બતાવવામાં આવે છે. જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.જેને રજુ દાખલ આંક – ૪૭ આપવામાં આવે છે.

**(૨૦.૩) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે મેં ભોગબનનારના નમુના લીધા નથી. એ વાત ખરી છે કે ભોગબનનારના નમુના મારી રૂબરૂમાં લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ડો. રામાણી સાહેબ અમોને નમુના મોકલતા આગળની પ્રોસીઝર કરેલી તે સિવાય બીજી કોઈ કામગીરી મેં કરેલ નથી.

**(૨૧) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે સાહેદ – ડો. જીલભાઈ ગીરીશભાઈ કગથરાને આંક– ૪૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૧.૧)** ગઈ તા. ૧૨/૦૯/૨૦૨૨ ના રોજ અમરેલી સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે આરોપીને ગોપાલભાઈ સ/ઓ રમેશભાઈ વાઘેલાને મેડીકલ તપાસ તેમજ ડી. એન. એ. સેમ્પલ લેવા માટેની લેખીત યાદી સાથે પોલીસ દવારા રજુ રાખવામાં આવેલ હતાં. બન્ને યાદી મારી સાથે લાવેલ છું જે આજરોજ રજુ કરૂ છું. જેને અનુક્રમે રજુ દાખલ આંક – ૪૯ તથા આંક – ૫૦ આપવામાં આવે છે.

**(૨૧.૨)** મેં આરોપીનો ઓ. પી. ડી. કેસ નં. ૮૨૬૨૯ કાઢેલો. તેની શારીરીક

તપાસણીની નોંધ કરેલ હતી. મને માર્ક ૭/૧૫ અને માર્ક ૭/૧૬ વાળો કેસ પેપર બતાવવામાં આવે છે જે તેજ છે જે હું ઓળખી બતાવુ છું. જેને સયુકત રજુ દાખલ આંક – ૫૧ આપવામાં આવે છે.

**(૨૧.૩)** આરોપીની હિસ્ટ્રી પુછતા તેમણે મારા રૂબરૂની હિસ્ટ્રીમાં એવુ લખાવેલ છે કે '' દર્દીએ તેના સગા ફઈની છોકરી (ભોગબનનાર) ના ઘરે રહેતો હતો. બન્ને વચ્ચે પ્રેમ સંબંધ થયેલ હતો અને ધીરે ધીરે ફોનમાં વાતો કરત હતા. મને છોકરીનો ફોન આવ્યો અને છોકરી દર્દીના ગામ (દેવળીયા) માં આવી હતી અને ત્યાંથી દર્દીને લઈને વઈ ગઈ. બન્ને તા. ૧૪/૦૧/૨૦૨૧ ના ૬:૦૦ પી. એમ. વાગે ભાગી ગયેલ હતા. બન્નેએ મહિના દિવસ પછી મંદિરમાં કુલહારથી લગ્ન કર્યા અને પછી બન્ને સંબંધ રાખેલ હતા. છોકરી ગર્ભવતી થયેલ હતી. બન્ને સંબંધ દરમિયાન કોઈ નિરોધનો ઉપયોગ કરેલ ન હતો. દર્દી છોકરી સાથે ૭ – ૮ મહિના રહેલ છે અને છોકરીને તેના પપ્પા લઈ ગયેલા. દર્દી રખડતો હતો. તા. ૮/૧૧/૨૦૨૨ ના છોકરીનો ફોન આવ્યો અને પાછો બોલાવ્યો અને પાછા ભાગી ગયા હતા. છોકરી પાંચ – છ મહિના સાથે રહી હતી. સંબંધ બાધ્યા હતા. તે દરમિયાન નિરોધ ઉપયોગ કરેલ હતો અને છોકરી ગર્ભવતી થયેલ હતી. તા. ૮/૪/૨૦૨૨ ના રોજ છોકરીના સગા સામે પકડાઈ ગયા હતા.

**(૨૧.૪)** આ દર્દીના ઓળખના નિશાન તરીકે નીચે મુજબના ચિન્હો જોવા મળેલ હતા. (૧) ડાબા હાથમાં જી. આર. ઈગ્લીશમાં લખેલ હતુ. (૨) જમણા હાથમાં ગોપાલ લખેલ હતુ. (૩) જમણા હાથમાં જી લખેલ હતું. (૪) જમણા હાથમાં જી લખેલ હતું.

**(૨૧.૫)** મેં તેની બાહય તપાસ કરેલી અને તેમના શરીર ઉપર કોઈ ઈજાના નીશાન જોવા મળેલ ન હતા અને તેમણે બનાવ બાદ નાહી લીધેલ હતું અને કપડા બદલી લીધા હતાં. મે તેના શરીરમાંથી નીચે મુજબના નમુના લીધેલા.

૧)લોહીનો નમુનો, ૨)સલાઈવા, ૩) નખ, ૪) વિર્ય, ૫) ગુપ્તભાગના વાળ.

**(૨૧.૬)** આ તમામ નમુનાઓ સીલ પેક કરી એફ. એસ. એલ. ના પૃથ્થકરણ માટે મે આરોપીને લાવનાર પોલીસ કોન્સ્ટેબલને આપેલા અને તે બદલ ફોર્મ નં.૨(બી) ભરેલુ જેની સ્થળપ્રત આજરોજ મારી સાથે લાવેલ છુ, જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી

સહી તથા સીકકો છે જે હું ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક – પર આપવામાં આવે છે.

**(૨૧.૭)** તેમની તપાસ કરતા ધબકારા, શરીરનું તાપમાન સામાન્ય હતું. બી. પી. ૧૩૦/૬૦ હતું અને શ્વાસોશ્વાસની ક્રિયા એસ. પી. ઓ. પી. ૯૮% હતું.

**(૨૧.૮)** મેં તેની બાહય તપાસ કરેલી અને આરોપીના શરીર ઉપર કોઈ ઈજાના નીશાન જોવા મળેલ ન હતા. મે તેના શરીરમાંથી મેં લોહીનો નમુનો ડી. એન. એ. પરીક્ષણ માટે લીધેલ હતો. જે અંગેનો આઇડેન્ટીફીકેશન ફોર્મ ભરેલો અને સીલબંધ હાલતમાં આરોપીને લાવનાર પોલીસ કોન્સ્ટેબલને આપેલા. મને માર્ક ૭/૧૭ વાળુ આઇડેન્ટીફીકેશન ફોર્મ બતાવવામાં આવે છે. જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.જેને રજુ દાખલ આંક – ૫૩ આપવામા આવે છે.

(૨૧.૯) **બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે જે વ્યકિતને મારી સમક્ષ લાવેલા તેને યાદી સાથે લાવેલા. એ વાત ખરી નથી કે, તે યાદી આધારે આરોપીનું નામ અને ઉંમર લખેલ, સાહેદ ખુલાસો કરતા જણાવે છે કે ઓ. પી. ડી. કેસ પેપરના આધારે લખેલ. એ વાત ખરી છે કે ઓ. પી. ડી. કેસ પેપર માટે જે માહિતી આપેલ છે તે મારી સમક્ષ આપેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ યાદીના આધારે ઓ. પી. ડી. કેસ પેપરમાં વિગતો લખાતી હોય છે. એ વાત ખરી છે કે મેં માત્ર નમુના લેવાની કામગીરી કરેલી. એ વાત ખરી નથી કે આરોપીની બનાવ બાબતે કોઈ પુછપરછ મેં કરેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસ યાદીના આધારે હિસ્ટ્રીની વિગતો પોલીસના કહેવાથી લખી લીધેલી. એ વાત ખરી છે કે આરોપીને મારી સમક્ષ લાવ્યા તે પોલીસ યાદી સાથે લાવેલા. એ વાત ખરી નથી કે મેં ડી. એન. એ. સેમ્પલ માટેનો નમુનો યોગ્ય રીતે પ્રીઝરવેટીવ કરી સીલબંધ હાલતમાં પોલીસને સોંપેલ નથી.

**(૨૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૫૬ થી ભોગબનનારના કપડા કબજે કર્યાના તેમજ આંક–૫૭ થી ૫૯ સુધી આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ નં. ૮ તરીકે હનીફભાઈ જમાલભાઈ કુરેશીને આંક – ૫૫ તથા પંચ સાહેદ નં. ૧૧

તરીકે ગુલુભાઈ જમાલભાઈ જાખરાને આંક–૬૫ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ પંચનામામાં તેમની સહીઓ ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૨૨.૧)** સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સર્મથન કરેલ ન હોય વિ. એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરીગયેલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષને મદદકર્તા કોઈ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી.

**(૨૨.૨)** સદર પંચ સાહેદોની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ તે સીવાય કંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે.

**(૨૩)** આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–૬૧ થી ગુન્હાવાળી જગ્યાના તેમજ આંક – ૬૨ થી ભોગબનનારને વાડીએ રાખેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ નં. ૯ તરીકે દિનેશભાઈ અરજણભાઈ નાગાણીને આંક – ૬૦ તથા પંચ સાહેદ નં. ૧૨ તરીકે કાળુભાઈ નાનજીભાઈ ગોહેલને આંક–૬૭ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ પંચનામામાં તેમની અંગુઠાનુ નિશાન/સહીઓ ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની વિગતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**(૨૩.૧)** સદર પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સર્મથન કરેલ ન હોય વિ. એ. પી. પી. શ્રી દવારા તેઓને ફરીગયેલ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવા છતા ફરીયાદપક્ષને મદદકર્તા કોઈ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી.

**(૨૩.૨)** સદર પંચસાહેદોની બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ તે સીવાય કંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે.

(૨૪) **આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૦ તરીકે પંચ સાહેદ – સુભાષભાઈ ખોડાભાઈ કાકડીયાને આંક – ૬૩ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૪.૧)** ગઈ તા. ૦૨/૦૨/૨૦૨૧ ના રોજ પોલીસે મને જરખીયા ગામમાં પી. જી.

વી. સી. એલ. ની ઓફીસ પાછળ બોલાવેલ અને ત્યાં ફરીયાદી ×××× હાજર હતા. તેણે બનાવ વાળી જગ્યા બતાવેલી. જે જગ્યા તેના ઘરની અંદર આવેલ હતી. તેના મકાનમાં જઈને જોતા એક ફળીયું હતું અને એક જમણી બાજુએ નળીયાવાળા ઝુપડા આવેલ હતા અને ત્યાં આવેલ ફળીયામાં ભોગબનનાર રાત્રી સુતેલ હતી જે અંગેનું પંચનામુ પંચનામાની વિગતે અમો પંચોની હાજરીમાં કરેલું. આ વખતે મારી સાથે સાગરભાઈ બાબુભાઈ હાજર હતા અને બન્નેએ પંચનામાની લખાણમાં સહી કરેલી.મને માર્ક ૭/૩ વાળુ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે જેમાં ક્રમ નં. ૧ ઉપર મારી તથા ક્રમ નં. ૨ ઉપર સાગરભાઈની સહી છે જે હું ઓળખી બતાવુ છું જેને રજુ દાખલ આંક – ૬૪ આપવામાં આવે છે.

**(૨૪.૨) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે મેં તૈયાર પંચનામાં સહી કરેલી તે સિવાય હું બીજુ કાઈ જાણતો નથી. એ વાત ખરી છે કે આ લખાણમાં શું લખેલ હતું તે મેં વાચેલ નહી કે મને પોલીસે વંચાવેલ નહી, મેં માત્ર સહી કરેલી.

**(૨૫) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૩ તરીકે સાહેદ – ડો. સાજનગીરી અનીલગીરી ગૌસ્વામીને આંક – ૬૮ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૫.૧)** તા. ૧૮/૦૯/૨૦૨૧ ના રોજ દિવસના ૭:૩૧ કલાકે સિ. હો. અમરેલી ખાતે મારી ફરજ પર હાજર હતો ત્યારે પી. આઈ. એમ. એ. સિંહ મહિલા પો. સ્ટે. ની યાદી સાથે ભોગબનનાર ઉ. વ. ૧૪ વર્ષ મહિલા એ. એસ. આઈ. એચ. બી. બેલીફ્મ બકલ નં. ૭૨૫ નાઓ સાથે મારી સમક્ષ શારીરીક તપાસણી તથા નમુના લેવા માટે ઓ. પી. ડી. કેસ નં. ૬૬૦૮૧ કઢાવીને લાવેલ હતા. આજરોજ મારી સાથે યાદી લાવેલ છું તેમાં રીસીવમાં મારી સહી છે તેમજ મને માર્ક ૭/૧૩ વાળી અસલ ઓ. પી. ડી. કેસ બતાવવામાં આવે છે જે મારા હસ્તાક્ષરમાં છે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક – ૬૯ તથા આંક – ૭૦ આપવામાં આવે છે.

**(૨૫.૨)** મેં તેણીની શારીરીક તપાસણી કરતાં તેણીએ મારી સમક્ષ એવી હીસ્ટ્રી આપેલી કે '' હું મારા ધણીને લેવા આવી તી, મારો ધણી મને નોતો લેવા આવ્યો. હું મારા ધણીને ભગાડી ગઈ તી, ત્રણ વરસથી સંબંધ હતો, છેલ્લે હારે રહેતા હતા, દવા પીધી એના બે ત્રણ દિવસ હારે સુતા હતા. ''

**(૨૫.૩)** ભોગબનનારના ઓળખ ચીન્હ તરીકે જમણા હાથના અંગુઠાના ભાગે ' R. ' ટેટુ માર્કનું નિશાન હતું તથા બીજું ટેટુ માર્ક જમણા હાથના કાંડાના ભાગે ' Rajal ' 'હતું. દર્દીને પુછતા તેણે કપડા બદલેલ હતા અને છેલ્લી માસીકની તારીખ યાદ નથી. આ સિવાય દર્દીએ જણાવેલ હતું કે તેને બે મહિના છે અને મારા કાકાએ મને પેટમાં માર્યુ હતું.

**(૨૫.૪)** મેં તેની બાહય તપાસ કરતા પહેલા તપાસ તેમજ નમુનાઓ લેવા માટે સંમતી તેમજ તેમના માતાની પણ સહી કેસ પેપર પર લીધેલી. તેણીના શરીર ઉપર તેમજ ગુપ્ત ભાગે અને બગલના ભાગે વાળની હાજરી હતી અને સ્તનનો વિકાસ થયેલ હતો. તેને પડખાના ભાગે ડાબી બાજુ ભુરા તથા કાળા કલરનું અનિયમીત આકારનું ૮×૩ સેમી જેવુ ચકામું હતું. દર્દીને સમજાવવા છતા આથી વધુ માહિતી આપવાનો ઈન્કાર કરેલ તેઓને માહિતીની ગંભીરતા સમજાવવા છતા માહિતી આપેલ નહી. મેં તેના શરીરમાંથી નીચે મુજબના નમુના લીધેલા. ૧) લોહીનો નમુનો, ૨) ગુપ્તભાગના વાળ, ૩) વજાઈનલ સ્વોબ, ૪) સલાઈવા, ૫) નખ, ૬) બગલના વાળ.

**(૨૫.૫)** આ તમામ નમુનાઓ સીલ પેક કરી એફ. એસ. એલના પૃથ્થકરણ માટે મે ભોગબનનારને લાવનાર એ. એસ. આઈ.ને આપેલા અને તે બદલ ફોર્મ નં.૨(બી) ભરેલુ જેની સ્થળપ્રત આજરોજ મારી સાથે લાવેલ છુ, જે મારા હસ્તાક્ષરમાં છે અને તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.જેને રજુ દાખલ આંક – ૭૧ આપવામા આવે છે. આ સિવાય અલગથી એમ. એલ. સી. સર્ટી. આપેલ નથી. દર્દીને વધુ તપાસ માટે ગાયનેકલોજીસ્ટ ને રીફર કરેલ હતા.

**(૨૫.૬) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે ભોગબનનારની ઉંમર પોલીસ યાદીના આધારે લખેલી. એ વાત ખરી નથી કે મેં ભોગબનનારે મારી સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલ નથી. એ વાત ખરી નથી કે મેં

નમુના લીધા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નહી.

**(૨૬) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૪ તરીકે ફરીયાદી લેનાર પોલીસ સાહેદ – યશવંતસિંહ પ્રવિણસિંહ ગોહીલને આંક – ૭૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૬.૧)** ગઈ તારીખ ૦૨/૨/૨૦૨૧ ના રોજ લાઠી પો. સ્ટે. માં પી. એસ. આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન ફરીયાદી ×××× અમારી પાસે આવતા તેઓની ફરીયાદ હકિકત જાહેર કરતા મેં તે ફરીયાદ હકિકત જોતા હાલના કામે આઈ. પી. સી. કલમ ૩૬૩, ૩૬૬, પોકસો એકટ કલમ ૧૮ મુજબનો ગુન્હો ખુલવા પામતો હોય આ બાબતની ફરીયાદ દાખલ થવા માટે મેં તે પી. એસ. ઓ. લાઠીનાઓ સોંપી આપેલ હતી. મને આંક – ૨૧ વાળી ફરીયાદ બતાવવામાં આવેલ છે જે મેં ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લીધેલ તથા ફરીયાદીને વાંચી સંભળાવેલ ત્યારબાદ ફરીયાદીને તેના અંગુઠાનુ નિશાન મારેલ હતુ તે અસલ છે તે જ છે. જે હું ઓળખી બતાવુ છું.

**(૨૬.૨) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે આ ફરીયાદ હકિકત અંગે મેં કોઈ મારી રીતે ખરાઈ કરેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદ મે ફરીયાદીની સાથે આવેલા તેના સગા – સંબંધી તથા જ્ઞાતિના આગેવાનોના કહયા મુજબ લખે લીધેલી અને ફરીયાદીનું પાછળથી તેમા અંગુઠાનું નિશાન લીધેલું. એ વાત ખરી છે કે મેં ફરીયાદ લીધા સિવાય બીજું કઈ કાર્યવાહી કરેલ નથી.

**(૨૭) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૫ તરીકે ત. ક. અ.– પ્રદિપસિંહ રણુભા વાઘેલાને આંક – ૭૫ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૭.૧)** હું ગઈ તારીખ ૦૨/૦૨/૨૦૨૧ ના રોજ અમરેલી સર્કલ પી. આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે વખતે લાઠી પો. સ્ટે. ફર્સ્ટ ગુ. નં. ૬૦/૨૦૨૧ ઈ. પી. કો. કલમ ૩૬૩, ૩૬૬ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ અમારા તરફ કરતા સદરહુ તપાસ અમોએ સંભાળેલ અને તપાસના કામે ફરી. વિશેષ નિવેદન ફરી. ના લખાવ્યા મુજબનું

અમારા રૂબરૂમાં લીધેલ તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ.

**(૨૭.૨)** ત્યારબાદ બનાવવાળી જગ્યાએ જઈ ફરીયાદી બનાવાળી વાળી જગ્યા બતાવતા બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૬૪ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૨૭.૩)** ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તેમજ ભોગબનનાર તથા આરોપીના જન્મ તારીખના પુરાવા મેળવવા માં આવેલા તેમજ આ કામે આરોપી તથા ભોગબનનારને શોધી કાઢવા માટે અલગ અલગ નંબરોની સી. ડી. આર. મંગાવવામાં આવેલ તથા બેંક ટ્રાન્જેકશનની વિગતો મંગાવવામાં આવેલ. બાદ આ કામે તપાસમાં આગળ પી. આઈ. શ્રી નકુમ સાહેબને સોંપી દેવામાં આવેલ.

(૨૭.૪) **બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે આજરોજ કોર્ટમાં જુબાની આપતા પહેલા કેસ ડાયરીનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી અને ભોગબનનાર મામા – ફઈના દિકરા – દિકરીઓ હતા. એ વાત ખરી છે કે આ કામની ફરીયાદ અગાઉથી ભોગબનનાર તથા આરોપીના લગ્ન બાબતે બન્ને પરિવારો વચ્ચે તકરારો થતી હતી. એ વાત ખરી છે કે મેં ભોગબનનારના જન્મનો જે આધાર સ્કૂલ લીવીંગ સર્ટી. માં ભોગબનનારે ધો. ૭ માં પ્રવેશ મેળવેલ તે સમયનો છે. એ વાત ખરી છે કે ભોગબનનારે તે અગાઉના અભ્યાસ કઈ શાળામાં કરેલ તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે આ એલ. સી. માં ભોગબનનારની જન્મ તારીખ કયા આધારે લખવામાં આવેલ છે તે બાબતે મેં પ્રમાણપત્ર આપનાર શાળાના આચાર્યનો જવાબ લીધેલ નથી. એ વાત ખરી નથી કે મારી તપાસ દરમિયાન નોં ધેલ સાહેદોના નિવેદનો સાહેદોના લખાવ્યા મુજબ લખેલ નથી અને મેં મારી જાતે ફરીયાદની વિગતો મુજબની વિગતો સાહેદોના નિવેદનોમાં લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામા ઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે.

**(૨૮) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૬ તરીકે ત. ક. અ.– ચિરાગભાઈ સુભાષભાઈ કુગસીયાને આંક – ૭૬ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૮.૧)** હું ગઈ તારીખ ૦૧/૩/૨૦૨૨ ના રોજ એ. એચ. ટી. યુ. ખાતે પો. ઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે આ કામના આરોપી ચંદુભાઈ માધુભાઈ માથાસુરીયાને પેરોલ ફર્લો સ્કવોડ અમરેલીએ પકડીને સોપતા આ કામના આરોપીનેબે પંચો ને બોલાવી પંચોની હાજરીમાં આરોપી અટકનું વીગતવારનું પંચનામુ કરેલ. મને આંક – ૪૦ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે. તેમજ આરોપીને નિયત સમય મર્યાદામાં જયુડીશ્યલ કસ્ટડીમાં રજુ રાખીને રીમાન્ડ માંગતા દિન ૧ ના રિમાન્ડ મળેલા તે દરમિયાન આરોપીના નિવેદન નોંધેલા.

**(૨૮.૨) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે આજરોજ કોર્ટમાં જુબાની આપતા પહેલા કેસ ડાયરીનો અભ્યાસ કરેલ છે. એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામાઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે.

**(૨૯) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૭ તરીકે ત. ક. અ.– જયેશકુમાર મનસુખલાલ કૈલાને આંક – ૮૪ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૨૯.૧)** હું તારીખ ૧૨/૦૯/૨૦૨૨ ના રોજ એ. એચ. ટી. યુ. ખાતે પો. ઈ. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન લાઠી પો. સ્ટે. ગુ. નં. ૧૦૦૬૦/૨૦૨૧, ઈ. પી. કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૩) વિ. તથા પોકસો એકટ ની કલમ ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબની તપાસ અમોને સોંપતા અમોએ સંભાળેલી અને આરોપી ગોપાલ ઉર્ફે જાડો રમેશભાઈ વાઘેલા

એલ. સી. બી. અમરેલી દવારા પકડેલ હોય અને તેને પોલીસ સ્ટેશને આવીને સોંપના અમોએ બે પંચોને બોલાવીને પંચોની હાજરીમાં આરોપીનું અટક વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૫૭ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચો ની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૨૯.૨)** તેમજ આરોપીના નિવેદન નોંધી તેના ચહેરા નિશાન પત્રક ભરેલ તેમજ તેનું મેડકીલ તપાસ કરાવેલ. ત્યારબાદ હાલના કામે આરોપીને પોકસો કોર્ટ સમક્ષ રીમાન્ડ માં ગતા દિન – ૨ ના રીમાન્ડ મંજુર થતા આરોપીને અન્ય સહ આરોપીઓ બાબતે પુછપરછ કરીને નિવેદન નોંધેલા તેમજ રીમાન્ડ પુરી થતા આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલા.

**(૨૯.૩)** ત્યારબાદ આરોપી રમેશભાઈ સુરાભાઈ વાઘેલા તથા રોહિલતભાઈ રમેશભાઈ વાઘેલા એલ. સી. બી. અમરેલી દવારા પકડેલ હોય અને તેને પોલીસ સ્ટેશને આવીને સોંપતા અમોએ બે પંચોને બોલાવીને પંચોની હાજરીમાં આરોપીઓનું અટક વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૫૯ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચો ને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે. ત્યારબાદ નિયત સમય મર્યાદામાં જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલા.

**(૨૯.૪)** તેમજ મેડીકલ ઓફીસર દવારા ડી. એન. એ. માટે લીધેલ સેમ્પલો તથા અન્ય લીધેલ સેમ્પલો અમોને સીલબંધ હાલતમાં મળતા અમોએ તે બાબતે ડી. એન. એ. પરીક્ષણ માટે મુદામાલ રવાનગી નોંધ તૈયાર કરીને એફ. એસ. એલ. ગાંધીનગરને બ્લડ સેમ્પલો મોકલી આપેલા તેમજ અન્ય કબજે લીધેલ મુદામાલ એફ. એસ. એલ. જૂનાગઢ ને મુદામાલ રવાનગી નોંધ તૈયાર કરીને સીલબંધ હાલતમાં મોકલી આપેલા.

**(૨૯.૫)** મને પોલીસ પેપર્સની ફાઈલમાંથી એફ. એસ. એલ. ગાંધીનગર ને કરેલ મુદામાલ રવાનગી નોંધ ઓનલાઈન પત્રક સહિત તથા એફ. એસ. એલ. જૂનાગઢને કરેલ મુદામાલ રવાનગી નોંધ ઓનલાઈન પત્રક સહિત બતાવવામાં આવે છે. જે મારા દવારા

તૈયાર કરવામાં આવેલ છે તેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જેને અનુક્રમે રજુ દાખલ આંક – ૮૫ તથા આંક – ૮૬ આપવામાં આવે છે. મને માર્ક ૭/૧૯ તથા માર્ક ૭/૨૦ વાળી મુદામાલ મળ્યા અંગેની પાવતી બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ છે તેજ છે જે હું ઓળખી બતાવુ છું. જેને અનુક્રમે રજુ દાખલ આંક –૮૭ તથા આંક – ૮૮ આપવામાં આવે છે.

**(૨૯.૬)** ત્યારબાદ હાલના કામે એફ. એસ. એલ. વિભાગના પૃથ્થકરણ અહેવાલ પાછળથી આવતા કાગળોમાં સામેલ રાખેલ. મને માર્ક ૭/૨૧, માર્ક ૭/૨૨ તથા ૭/૨૩ વાળા ડી. એફ. એસ. ગાંધીનગર ફોરવર્ડીંગ લેટર એફ. એસ. એલ. જૂનાગઢનો પૃથ્થકરણ અહેવાલ જે તપાસના કામે મને મળેલ હતો તેજ છે જે હું ઓળખી બતાવુ છું. જેને અનુક્રમે રજુ દાખલ આંક – ૮૯ થી ૯૧ આપવામાં આવે છે.

**(૨૯.૭)** મને માર્ક ૭/૧ વાળો ડેપ્યુટ હુકમ બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ તેજ છે જેને આંક આપવા સામે બચાવ પક્ષને કોઈ હરકત ન હોય રજુ દાખલ આંક – ૯૨ આપવામાં આવે છે.

**(૨૯.૮)** મને માર્ક ૭/૨૪ વાળો આરોપી રમેશ તથા રોહિતનું અટક પંચનામુ બતાવવામાં આવે છે જે પંચનામું એલ. સી. બી. પી. એસ. આઈ. શ્રી વી. વી. ગોહિલ દવારા કરવામાં આવેલ હતું અને આ પંચનામા સાથે આરોપીઓને પો. સ્ટે. સોંપેલા હતા જેથી ઓળખી બતાવુ છું જેમાં બન્ને પંચો તથા શ્રી પી. એસ. આઈ. ગોહિલની સહી છે જેને આંક આપવા સબંધે બચાવ પક્ષને કોઈ હરકત ન હોય રજુ દાખલ આંક – ૯૩ આપવામાં આવે છે.

**(૨૯.૯)** ત્યારબાદ હાલના કામે પ્રથમ આરોપી ગોપાલ વિરૂધ્ધ નિયત સમય મર્યાદામાં ચાર્જશીટ દાખલ કરેલ હતી અને પાછળથી અન્ય બે આરોપી રમેશ અને રોહિત વિરૂધ્ધ નિયત સમય મર્યાદામાં ચાર્જશીટ કરેલ હતી.

**(૨૯.૧૦)** આરોપીઓને જોયેથી ઓળખુ છું જે આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે મને મુદામાલના કપડા બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે કબજે લીધેલ હતા તેજ છે જે હું ઓળખી બતાવુ છું.

**(૨૯.૧૧) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,**

એ વાત ખરી છે કે મારી તપાસ દરમિયાન ભોગબનનાર તથા આરોપી મામા – ફઈના સંતાન તરીકે સગા હતા, તેવું નિકળી આવેલ. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન સાહેદના લખાવ્યા મુજબ લખેલ નથી અને મેં મારી જાતે ફરીયાદની વિગતો મુજબની વિગતો સાહેદોના નિવેદનોમાં લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામાઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૩૦) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૧૮ તરીકે ત. ક. અ.– મીનાબેન અરવીંદભાઈ સીંગને આંક – ૯૬ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેઓના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે,**

**(૩૦.૧)** હું તારીખ ૧૮/૦૯/૨૦૨૧ ના રોજ મહિલા પો. સ્ટે. અમરેલી ખાતે પો. ઈ. તરીકે ફરજ બજાવતી હતી તે દરમ્યાન લાઠી પો. સ્ટે. ગુ. નં. ૧૦૦૬૦/૨૦૨૧ ના કામે આરોપી તથા ભોગબનનાર પકડાયેલ હોય તે બાબતે ભોગબનનારના કપડા કબજે કરવાના હોય જેથી તપાસ અમોને સોંપતા અમોએ સંભાળી હતી.

**(૩૦.૨)** બે સ્વતંત્ર પંચો બોલાવીને ભોગબનનારના કપડા પંચનામાના વિગતે કબજે કરેલ. જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી મને આંક – ૫૬ વાળુ ભોગબનનારના કપડા કબજે કર્યા અં ગેનું પંચનામુ બતાવવામાં આવે છે તે તેજ છે.

**(૩૦.3)** ત્યારબાદ ભોગબનનારની મેડીકલ તપાસ માટે સિ. હો. ગાયનેકોલોજીસ્ટ ને મોકલી આપેલા. ત્યારબાદ ભોગબનનારનું નિવેદન નોંધેલું.

**(૩૦.૪)** ભોગબનનાર તેની સાથે દુષ્કર્મ આંચરેલ હોય તે જગ્યા બતાવવા માંગતા હોય ભોગબનનારને લઈને બે પંચોને સાથે રાખીને ભોગબનનારે જણાવેલ તે જગ્યાએ જઈને બે પંચોને સાથે રાખીને ચંદુભાઈ માથાસુળીયાના રહેણાંક મકાન વાસાવડ ગામે જઈને ગુન્હા

વાળી જગ્યા બતાવતા બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું વીગતવાર નું પંચનામુ કરેલુ મને આંક – ૬૧ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચોની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૩૦.૫)** ત્યારબાદ બીજા ગુન્હાવાળી જગ્યા બતાવતા તે લોન કોટડા ગામની સીમમાં દર્શનભાઈ રમેશભાઈ મેરની વાડીના ખેતરના શેઢે જઈને ગુન્હાવાળી વાળી જગ્યા બતાવતા બે પંચોને બોલાવી પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યાનું વીગતવારનું પંચનામુ કરેલુ મને આંક – ૬૨ વાળુ પંચનામુ બતાવવામા આવે છે તે તેજ અસલ પંચનામુ છે જે મેં બે પંચો ની હાજરીમાં કરેલુ ત્યારબાદ પંચોના લખાવ્યા મુજબ લખી લેવડાવી પંચોને વાંચી સંભળાવી પંચોની તેમા સહી કરાવેલી અને રૂબરૂ અમલદાર તરીકે મેં સહી કરેલી તે તેજ છે.

**(૩૦.૬)** ત્યારબાદ અમો પોલીસ સ્ટેશને આવેલા અને આગળની તપાસ સોંપી આપેલી. મને ભોગબનનારના કપડા બતાવવામાં આવે છે તે તેજ છે.

**(૩૦.૭) બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં સાહેદે એ હકીકતો જણાવેલ છે કે,** એ વાત ખરી નથી કે મેં આ કામે કરેલા પંચનામાઓ પંચોની હાજરીમાં કરેલ નથી અને અગાઉ તૈયાર કરેલ પંચનામાઓમાં પાછળથી પંચોની સહીઓ કરાવેલ છે. એ વાત ખરી નથી કે મેં ભોગબનનારનું નિવેદન ફરીયાદના અનુરૂપ નિવેદન નોંધેલું. એ વાત ખરી નથી કે ભોગબનનારે ગુન્હાવાળી જગ્યા અમારા રૂબરૂ બતાવેલ નથી.

**<u>પુરાવાનુ મુલ્યાંકન: –</u>**

**<u>મુદ્દા નં. ૧.</u>**

**(૩૧)** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ–૨૯ અને કલમ–૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટએ **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR**

**27**ના ચુકાદામાં નોંધેલ છે કે,

44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

વધુમાં સદર બાબતે નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

38. The use of expression “unless the contrary is proved” appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution. In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ છે કે,

કલમ–૨૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે. ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદપક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

(૩૨) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો પોકસો એકટની કલમ–૨૯ અને ૩૦નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

(૩૩) આરોપી સામે પોકસો એકટની જોગવાઈઓ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે એ પ્રસ્થાપિત કરવાનું રહે કે ભોગ બનનાર પોકસો એકટની કલમ ૨(ડી) મુજબ ''બાળક'' હતી. ભોગ બનનાર બાળક હતી તે પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ભોગ બનનાર, તેમના માતા–પિતા તથા જન્મને લગતો પુરાવો અગત્યનો અને મહત્વનો બની રહે છે.

(૩૪) આમ, હવે આ કામે ભોગબનનાર સગીરવયના હતા કે કેમ ? તે બાબતે જોવામાં આવે તો સદર કામે આંક–૨૩ થી ભોગબનનારને તપાસેલ છે. તેણીએ તેની જુબાની દરમ્યાન તેણીની જન્મ તારીખ ૨૧/૦૬/૨૦૦૭ હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગબનનારનું કલમ–૧૬૪ નું નિવેદન જોતા તેમાં તેણીએ તેની ઉંમર ૧૪ વર્ષ હોવાનું તેમજ તેણીનો માચાવદર મુકામે થયેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આંક – ૨૦ થી ફરીયાદી – ભોગબનનારના પિતા, આંક– ૨૨ થી ભોગબનનારના માતાને તપાસેલ છે તેઓએ તેમની જુબાની દરમ્યાન બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૩ વર્ષ ૭ મહીના હોવાનું જણાવેલ છે. વધુમાં ભોગબનનારના પિતાએ તેમની જુબાનીમાં ભોગબનનારનો જન્મ જરખીયા ગામમાં થયેલ હોવાનું અને તેના જન્મની નોંધ જરખીયા ગામની પંચાયતમાં કરાવેલ હોવાનું જણાવેલ છે, જયારે ભોગબનનારના માતાએ તેમની જુબાનીમાં ભોગબનનારનો જન્મ માચાપાદર ગામમાં થયેલ હોવાનું અને તેની જન્મની નોંધ માચાપાદર

ગામની પંચાયતમાં કરાવેલ કે કેમ તે તેઓને યાદ નહી હોવાનું જણાવેલ છે. તેમજ બચાવપક્ષે ભોગબનનારની ઉંમર તેમજ જન્મનું સ્થળ ખોટુ હોવા બાબતે કોઈ બચાવ લીધેલ નથી. વધુમાં આ કામે લાઠી તાલુકાના જરખીયા ગામમાં પે–સેન્ટર શાળામાં આચાર્ય તરીકે સાહેદ – ભાનુબેન ડાયાભાઈ પાડલીયા નાઓને આંક – ૨૭ થી સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ તેમની જુબાનીમાં તેમની ફરજનાં ભાગરૂપ રેકર્ડ આધારીત જુબાની આપેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૦૬/૨૦૦૭ ની હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે અને તેઓએ તેમનાં રેકર્ડમાંથી આંક–૨૮ થી જરખીયા પે–સેન્ટર શાળાનું જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ રજુ કરેલ છે તે જોતા ભોગબનનારનો જન્મ સ્થળ અમરેલી જીલ્લાના કુંકાવાવ તાલુકાના માયાપાદરમાં થયેલ હોવાનું જણાય આવે છે. તેમજ આંક–૨૯ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ તેમજ આંક–૩૦ થી ભોગબનનારનુ જન્મ તારીખનો દાખલો રજુ કરેલ છે. સદર દસ્તાવેજો ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તારીખ ૨૧/૦૬/૨૦૦૭ સ્પષ્ટ પુરવાર થાય છે. તેમજ બચાવપક્ષે ભોગબનનારની ઉંમર બાબતે ઉપરોકત ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર ખોટુ હોવા બાબતે કે તેવા સાહેદ ભોગબનનાર કે ફરીયાદી સાથે કોઈ હિત ધરાવતા હોવાનો કોઈ બચાવ લીધેલ નથી. તેમજ સદર સાહેદે રજુ કરેલ જન્મનાં પ્રમાણપત્ર માં જણાવેલ ભોગબનનારની જન્મ તારીખને ફરીયાદ હકીકત મુજબ સ્પષ્ટ સમર્થન મળેલ છે. આં ક–૨૮ થી જરખીયા પે–સેન્ટર શાળાનું જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ, આંક–૨૯ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ તેમજ આંક–૩૦ થી ભોગબનનારનુ જન્મ તારીખનો દાખલો રજુ થયેલ છે અને તે એક સરકારી કર્મચારીએ પોતાની ફરજનાં ભાગરૂપ તેમની કચેરીનાં રેકર્ડમાથી રજુ કરેલ છે અને તે ભોગ બનનારનાં જન્મના પ્રમાણપત્ર મુજબ જણાવેલ જન્મ તારીખને ફરીયાદ હકીકત મુજબ સ્પષ્ટ સમર્થન મળેલ છે. વધુમાં સદર કામે રજુ રેકર્ડ સમગ્રપણે જોતા સદર જન્મની નોંધ જે તે સમયે ફરજ બજાવતા સરકારી કર્મચારી ધ્વારા પોતાની ફરજનાં ભાગરૂપ કરવામાં આવેલ હોય પુરાવા અધિનિયમની કલમ – ૩૫ મુજબ સદર નોંધ અને તેમાં જણાવેલ વિગતો પ્રસ્તુત હકિકત છે અને તેને નહિ માનવાનું કોઈ કારણ નથી. જેથી ભોગબનનારની

જન્મ તારીખ ૨૧/૦૬/૨૦૦૭ નહી માનવાનું પણ કોઈ વ્યાજબી કારણ જણાઈ આવતુ નથી. આથી તે દસ્તાવેજોને સાહેદ ભાનુબેન ડાયાભાઈ પાડલીયા નાઓએ સ્પષ્ટ સમર્થન કરેલ હોય અને દસ્તાવેજોને ફરીયાદપક્ષે સોગંદ ઉપરની જુબાનીથી પુરવાર કરેલ હોય જેથી બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૪ વર્ષ ૦૩ મહિનાખ અને ૧૯ દિવસની એટલ ે કે સગીરવયની હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે. જેથી ફરીયાદપક્ષ ભોગ બનનાર બનાવ સમયે બાળક હોવાનું પુરવાર કરવામાં સફળ નિવડેલ હોવાનું જણાઈ આવે છે. જેથી **તે રીતે મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.**

**(૩૫) ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ અંગે:–**

**(૩૫.૧)** આ કામમાં આરોપી સામે આઈ. પી. સી. ની ક. ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) નો આક્ષેપ છે. તે સંજોગોમાં આઈ. પી. સી. કલમ ૩૬૧, ૩૬૨, ૩૬૩, ૩૬૬, ૩૭૫, ૩૭૬ ધ્યાને લેવી જરુરી છે તે નીચે મુજબ છે.

**361. Kidnapping from lawful guardianship.** -Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian, is said to kidnap such minor or person from lawful guardianship.

**Explanation**. - The words "lawful guardian" in this Section include any person lawfully entrusted with the care or custody of such minor such minor or other person.

**Exception.** - This section does not extend to the act of any person who in good faith believes himself to be the father of an illegitimate child, or who in good faith believes himself to be entitled to the lawful custody of such child, unless such act is committed for an immoral or unlawful purpose.

**362. Abduction.** — Whoever by force compels, or by any deceitful means induces, any person to go from any place, is said to abduct that person.

**"363. Punishment for kidnapping.** - Whoever kidnaps any person from India or from lawful guardianship, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years and shall also be liable to fine."

**"366.Kidnapping, abducting or inducing woman to compel her marriage, etc.** - Whoever kidnaps or abducts any woman with intent that she may be compelled, or knowing it to be likely that she will be compelled, to marry any person against her will, or in order that she may be forced or seduced to illicit intercourse, or knowing it to be likely that she will be forced or seduced to illicit intercourse, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; [ and whoever, by means of criminal intimidation as defined in this Code or of abuse of authority or any other method of compulsion, induces any woman to go from any place with intent that she may be, or knowing that it is likely that she will be, forced or seduced to illicit intercourse with another person shall also be punishable as aforesaid]."

**375. Rape :**A man is said to commit "rape" if he -

(a) penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

(c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person, under the circumstances falling under any of the following seven descriptions-

First.- Against her will

Secondly.- Without her consent.

Thirdly. - With her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt.

Fourthly. - With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to

whom she is or believes herself to be lawfully married.

Fifthly. - With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent.

**Sixthly. - With or without her consent, when she is under eighteen years of age.**

Seventhly.- When she is unable to communicate consent.

Explanation 1. - For the purposes of this section, "vagina" shall also include labia majora.

Explanation 2. - Consent means an unequivocal voluntary agreement when the woman by words, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

Provided that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

Exception 1. - A medical procedure or intervention shall not constitute rape.

Exception 2. - Sexual intercourse or sexual acts by a man with his own wife, the wife not being under fifteen years of age, is not rape].]"

**Section 376 Punishment for rape. -** (1) Whoever, except in the cases provided for in sub-section (2), commits rape, shall be punished with rigorous imprisonment of either description for a term which [shall not be less than ten years, but which may extend to imprisonment for life, and shall also be liable to fine].

(2) Whoever,— (a) being a police officer, commits rape—

(i) within the limits of the police station to which such police officer is appointed; or

(ii) in the premises of any station house; or

(iii) on a woman in such police officer's custody or in the custody of a police officer subordinate to such police officer; or

(b) being a public servant, commits rape on a woman in such public servant's custody or in the custody of a public servant subordinate to such public servant; or

(c) being a member of the armed forces deployed in an area by the Central or a

State Government commits rape in such area; or

(d) being on the management or on the staff of a jail, remand home or other place of custody established by or under any law for the time being in force or of a women's or children's institution, commits rape on any inmate of such jail, remand home, place or institution; or

(e) being on the management or on the staff of a hospital, commits rape on a woman in that hospital; or

(f) being a relative, guardian or teacher of, or a person in a position of trust or authority towards the woman, commits rape on such woman; or

(g) commits rape during communal or sectarian violence; or

(h) commits rape on a woman knowing her to be pregnant; or

* * * * *

(j) commits rape, on a woman incapable of giving consent; or

(k) being in a position of control or dominance over a woman, commits rape on such woman; or

(l) commits rape on a woman suffering from mental or physical disability; or

(m) while committing rape causes grievous bodily harm or maims or disfigures or endangers the life of a woman; or

(n) commits rape repeatedly on the same woman,

shall be punished with rigorous imprisonment for a term which shall not be less than ten years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of that person's natural life, and shall also be liable to fine."

**(૩૫.૨)** વધુમાં આરોપીઓ સામે પોકસો એકટની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના ગુનાનો પણ આક્ષેપ હોય સદર કાયદાની કલમ – ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૭ તથા ૧૮ ને ઘ્યાને લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Section 3: Penetrative sexual assault. -** A person is said to commit "penetrative sexual assault" if--

(a) he penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a child or makes the child to do so with him or any other person; or

(b) he inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of the child or makes the child to

do so with him or any other person; or

(c) he manipulates any part of the body of the child so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of the child or makes the child to do so with him or any other person; or

(d) he applies his mouth to the penis, vagina, anus, urethra of the child or makes the child to do so to such person or any other person.

**Sec. 4. - Punishment for penetrative sexual assault**

(1) Whoever commits penetrative sexual assault shall be punished with imprisonment of either description for a term which shall not be less than 2[ten years] but which may extend to imprisonment for life, and shall also be liable to fine.

(2) Whoever commits penetrative sexual assault on a child below sixteen years of age shall be punished with imprisonment for a term which shall not be less than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine.

(3) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.

**Sec. 5. - Aggravated penetrative sexual assault.-**

(a) Whoever, being a police officer, commits penetrative sexual assault on a child --

(i) within the limits of the police station or premises at which he is appointed; or

(ii) in the premises of any station house, whether or not situated in the police station, to which he is appointed; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where he is known as, or identified as, a police officer; or

(b) whoever being a member of the armed forces or security forces commits penetrative sexual assault on a child--

(i) within the limits of the area to which the person is deployed; or

(ii) in any areas under the command of the forces or armed forces; or

(iii) in the course of his duties or otherwise; or

(iv) where the said person is known or identified as a member of the security or armed forces; or

(c) whoever being a public servant commits penetrative sexual assault on a child; or

(d) whoever being on the management or on the staff of a jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection established by or under any law for the time being in force, commits penetrative sexual assault on a child, being inmate of such jail, remand home, protection home, observation home, or other place of custody or care and protection; or

(e) whoever being on the management or staff of a hospital, whether Government or private, commits penetrative sexual assault on a child in that hospital; or

(f) whoever being on the management or staff of an educational institution or religious institution, commits penetrative sexual assault on a child in that institution; or

(g) whoever commits gang penetrative sexual assault on a child.

Explanation.-- When a child is subjected to sexual assault by one or more persons of a group in furtherance of their common intention, each of such persons shall be deemed to have committed gang penetrative sexual assault within the meaning of this clause and each of such person shall be liable for that act in the same manner as if it were done by him alone; or

(h) whoever commits penetrative sexual assault on a child using deadly weapons, fire, heated substance or corrosive substance; or

(i) whoever commits penetrative sexual assault causing grievous hurt or causing bodily harm and injury or injury to the sexual organs of the child; or

(j) whoever commits penetrative sexual assault on a child, which--

(i) physically incapacitates the child or causes the child to become mentally ill as defined under clause (l) of section 2 of the Mental Health Act, 1987 (14 of 1987) or causes impairment of any kind so as to render the child unable to perform regular tasks, temporarily or permanently;1***

(ii) in the case of female child, makes the child pregnant as a consequence of sexual assault;

(iii) inflicts the child with Human Immunodeficiency Virus or any other life threatening disease or Infection which may either temporarily or permanently

impair the child by rendering him physically incapacitated, or mentally ill to perform regular tasks;

(k) whoever, taking advantage of a child's mental or physical disability, commits penetrative sexual assault on the child; or

(l) whoever commits penetrative sexual assault on the child more than once or repeatedly; or

(m) whoever commits penetrative sexual assault on a child below twelve years; or

(n) whoever being a relative of the child through blood or adoption or marriage or guardianship or in foster care or having a domestic relationship with a parent of the child or who is living in the same or shared household with the child, commits penetrative sexual assault on such child; or

(o) whoever being, in the ownership, or management, or staff, of any institution providing services to the child, commits penetrative sexual assault on the child; or

(p) whoever being in a position of trust or authority of a child commits penetrative sexual assault on the child in an institution or home of the child or anywhere else; or

(q) whoever commits penetrative sexual assault on a child knowing the child is pregnant; or

(r) whoever commits penetrative sexual assault on a child and attempts to murder the child; or

(s) whoever commits penetrative sexual assault on a child in the course of 3[communal or sectarian violence or during any natural calamity or in similar situations]; or

(t) whoever commits penetrative sexual assault on a child and who has been previously convicted of having committed any offence under this Act or any sexual offence punishable under any other law for the time being in force; or

(u) whoever commits penetrative sexual assault on a child and makes the child to strip or parade naked in public, is said to commit aggravated penetrative sexual assault. "

**<u>Sec. 6. - Punishment for aggravated penetrative sexual assault.—</u>**

(1) Whoever commits aggravated penetrative sexual assault shall be punished with rigorous imprisonment for a term which shall not be less

than twenty years, but which may extend to imprisonment for life, which shall mean imprisonment for the remainder of natural life of that person and shall also be liable to fine, or with death.

(2) The fine imposed under sub-section (1) shall be just and reasonable and paid to the victim to meet the medical expenses and rehabilitation of such victim.

**Sec. 7. - Sexual assault. -**

Whoever, with sexual intent touches the vagina, penis, anus or breast of the child or makes the child touch the vagina, penis, anus or breast of such person or any other person, or does any other act with sexual intent which involves physical contact without penetration is said to commit sexual assault.

**Sec. 8. - Punishment for sexual assault.—**

Whoever, commits sexual assault, shall be punished with imprisonment of either description for a term which shall not be less than three years but which mayextend to five years, and shall also be liable to fine.

**Section 17:Punishment for abetment. -** Whoever abets any offence under this Act, if the act abetted is committed in consequence of the abetment, shall be punished with punishment provided for that offence.

**Section 18 - Punishment for attempt to commit an offence**

Whoever attempts to commit any offence punishable under this Act or to cause such an offence to be committed, and in such attempt, does any act towards the commission of the offence, shall be punished with imprisonment of any description provided for the offence, for a term which may extend to one-half of the imprisonment for life or, as the case may be, one-half of the longest term of imprisonment provided for that offence or with fine or with both.

**(૩૬)** હવે આ કામના ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, તા.૧૪/૦૧ /૨૦૨૧ નાં રોજ કલાક ૨૩:૦૦ થી તા. ૧૫/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૦૪:૦૦ વાગ્યા દરમ્યાન જરખીયા, તા. લાઠી, જી. અમરેલી મુકામેથી આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર, ઉ. વ. ૧૪ વર્ષ ૩ માસ ૧૯ દિવસનીને આરોપી નં. ૧

એ ભોગબનનારન લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ, આરોપી નં. ૨ થી ૪ નાઓએ આરોપી નં. ૧ ને ગુનો કરવામાં મદદગારી કરી ગુન્હો કરેલ કે કેમ ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવે તો સદર બાબતે ફરીયાદપક્ષના અગત્યના અને મહત્વના સાક્ષી એવા આ કામના ભોગ બનનારે તેમની સોગંદ પરની જુબાનીમાં સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે અને તહોમતનામાં મુજબની સ્પષ્ટ હકિકતો જણાવેલ છે, પરંતુ તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓ તેમની ઉલટ તપાસમાં તેમની સરતપાસની હકિકતોને વળગી રહેલ નથી અને સરતપાસથી તદ્દન વિરોધાભાષી હકિકતો જણાવેલ છે. ભોગ બનનારની સમગ્ર જુબાની ધ્યાને લેતા તેઓએ બચાવપક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેણીની ઉંમર ૧૯ વર્ષ જેટલી હતી. બનાવ સમયે તેણીને તેના માતા – પિતાએ ઘર કામ બાબતે ઠપકો આપેલો જેથી તેણી તેની જાતે રીસાઇને ઘરેથી નિકળી ગયેલી. ઘરેથી નીકળ્યા બાદ તેણી અલગ અલગ વાડી ખેતરોમાં દૈનિક મજુરી કામ તેણીનું ગુજરાન ચલાવતી હતી. આવી રીતે અલગ અલગ ખેતર વાડીઓમાં મજુરી કામ કરતા તેણી ખુબજ કંટાળી ગયેલ હતી પરંતુ તેણી જાતે ઘરેથી નીકળી ગયેલ હોય ઘરે પરત ફરવાની હિંમત થતી ન હતી. વધુમાં ભોગ બનનારએ સ્વીકારેલ છે કે, તેણી ખુબજ કંટાળી ગયેલ હોય અને શું કરવુ તે સમજ પડતી ન હોય તેણી દવા પીવાનું નકકી કરેલુ અને દવા ખરીદેલી. આરોપી નં. ૧ ના પિતા કે જે પણ આરોપી છે તેઓ તેણીના સગા મામા થાય છે. તેણીને મનમાં ખુબજ લાગી આવેલ અને ઘરે પરત જઈ શકીશ નહી તેવું જણાતા તેણીએ દવા પી લીધેલી. તેણીએ દવા પીતા તેણીને તેના મામા અને તેમના ઘરના લોકો ગોંડલ દવાખાને લઈ ગયેલા અને ત્યાં તેણીની સારવાર કરાવેલી. તે લોકોએ મારા માતા – પિતાને પણ જાણ કરી બોલાવી લીધેલા. દવાખાને પોલીસે તેણીની પુછપરછ કરેલી અને પુછપરછમાં ફકત મારૂ નામ – ઠામ પુછેલ તે સિવાય કઈ પુછેલ નહીં. પોલીસે

તેણીનો જવાબ તેણીને વંચાવેલ નહીં. વધુમાં ભોગ બનનારે સ્વીકારેલ છે કે, પોલીસે તેણીને ડોકટર સાહેબ તથા જજ સાહેબને શું હકિકત લખાવવી તે સમજાવેલ અને તે મુજબ લખાવવાનું જણાવેલુ જેથી તેણીએ તે મુજબ જણાવેલું. તેણી કોર્ટ રૂબરૂ જુબાની થઈ તે પણ પોલીસની કહયા મુજબ લખાવેલી. વધુમાં ભોગ બનનારએ એવુ પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આરોપી ગોપાલ કે અન્ય કોઈપણ તેણીને કોઈપણ રીતે લલચાવી – ફોસલાવી લઈ ગયેલ નથી કે તેણી સાથે કોઈપણ પ્રકારે કોઈએ કોઈપણ જાતનો શરીર સંબંધ રાખેલ નથી કે આવી કોઈ હકિકત તેણીએ તેના માતા – પિતા કે અન્ય કોઈને પણ જણાવેલ નથી. ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. આમ, ભોગ બનનારની સમગ્ર જુબાની એક સાથે જોતા તેમની સરતપાસની હકિકતોથી તદ્દન વિરોધાભાષી હકિકતો ઉલટ તપાસમાં જણાવેલ છે અને સમગ્ર જુબાની જોતા આરોપીઓએ તેણીની સાથે તહોમતનામાં મુજબનો કોઈ પણ ગુનો કરેલ હોવાનું વ્યાજબી શંકા થી પર પુરવાર થતુ નથી.

(૩૭) વધુમાં ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારના પિતા/ફરીયાદી તથા ભોગબનનારના માતાની જુબાની જોવામાં આવે તો સરતપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે અને તહોમતનામા મુજબની સ્પષ્ટ હકિકતો જણાવેલ છે. વધુમાં ભોગબનનારના માતા–પિતાએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ સમયે તેઓના પુત્ર ××××ની પત્ની ××××બેન ગામમાં હટાણું કરવા ગયેલા ત્યારે તેમને તેઓની ભોગબનનાર દીકરીને આરોપી નં. ૧ ગોપાલ ભગાડીને લઈ ગયેલ હોવાનુ કોઈકે જણાવેલ તેમજ બનાવની ફરીયાદ કર્યા પછી આશરે દોઢ વર્ષ પછી તેઓની ભોગબનનાર દીકરી કોઈ દવા પીધેલ હોવાથી તેને ગોંડલના દવાખાનામાં દાખલ કરેલ હતી અને તે બાબતની લાઠી પોલીસે તેઓને જાણ કરેલી આથી તેઓ ગોંડલના દવાખાનામાં ગયેલા ત્યારે ગોંડલના દવાખાનામાં તેઓની ભોગબનનાર દીકરીને સારવાર માટે દાખલ કરેલી હતી. આરોપી નં. ૧ ગોપાલ ત્યાં હતો પરંતુ તેઓને જોઈને ત્યાંથી નાસી ગયેલ હતો. વધુમાં જણાવેલ છે કે, તેઓએ તેમની ભોગબનનાર દીકરીને બનાવ બાબતે પુછતા

ભોગબનનારને આરોપી નં. ૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલી હોવાનું જણાવેલુ તથા ભોગબનનારને આરોપી નં. ૧ બીજા લોકો પાસે તેની ઈજ્જત લુટાવતો હતો અને તેણી ના પાડતી હતી તેથી તેણીને મારી નાખવા માટે આરોપી નં. ૧ ગોપાલે ઝેરી દવા પીવડાવેલ હોવાનું તેઓને જણાવેલ તથા તેઓની ભોગબનનાર દીકરીએ આરોપીનં. ૧ ગોપાલે પણ તેણીની સાથે બદકામ કરેલ હોવાનું તેઓને જણાવેલુ. વધુમાં તેઓની ભોગબનનાર દીકરીને પુછતા તેણીને બન્ને આરોપીઓ જરખીયા ગામે આવેલ તેઓના ઘરે થી બળજબરીથી ઈકો ગાડીમાં નાખીને લઈ ગયેલ હોવાનું પણ જણાવેલ. જે કારણે ફરીયાદ કરેલ હોવાનુ જણાવેલ છે, પરંતુ આ બાબતે ભોગ બનનારની જુબાની જોવામાં આવે તો તેણીએ એવુ પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, આરોપી ગોપાલ કે અન્ય કોઈ પણ તેણીને કોઈપણ રીતે લલચાવી – ફોસલાવી લઈ ગયેલ નથી કે તેણી સાથે કોઈ પણ પ્રકારે કોઈએ કોઈ પણ જાતનો શરીર સંબંધ રાખેલ નથી કે આવી કોઈ હકિકત તેણીએ તેના માતા – પિતા કે અન્ય કોઈને પણ જણાવેલ નથી અને ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી.  જેથી ખુદ ભોગબનનારના માતા–પિતાની જુબાનીને ભોગ બનનારની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતુ નથી. આમ ખુદ ભોગ બનનાર તથા તેણીનાં પિતાની જુબાની એક સાથે જોતા ફરીયાદીએ જણાવેલ ભોગબનનાર સાથેનાં બનાવ બાબતે ખુદ ભોગ બનનારએ ફરીયાદની હકિકતને કે તહોમતનામા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવા બાબતે લેશમાત્ર સમર્થન કરેલ ન હોય જેથી ભોગબનનારની જુબાનીનાં સમર્થન વગરની ફરીયાદી તથા ભોગબનનારની માતાના પુરાવા ઉપરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. વધુમાં ઉપરોકત ભોગ બનનાર તથા તેણીનાં માતા–પિતાનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપી નં. ૧ નાએ ભોગ બનનારનું અપહરણ કરેલ હોય અને તેમાં આરોપી નં. ૨ થી ૪ નાઓએ આરોપી નં. ૧ ને કોઈ પણ પ્રકારે મદદગારી કરેલ હોય તેવો કોઈ માનવા લાયક પુરાવો રેકર્ડ ઉપર જણાઈ આવતો નથી. વધુમાં સૌથી મહત્વના સાક્ષી ભોગબનનાર છે અને તેણીએ જ બધુ અનુભવ્યુ છે એટલા માટે એને જ ખબર હોય કે તેણીની સાથે શું બનેલ છે કે શુ બનેલ નથી ? ભોગબનનારના માતા–પિતાએ તેમની ફરીયાદને સમર્થન આપવા પ્રયત્ન કરેલ છે, પરંતુ જે બાબતેનાં ગુન્હાનો કેસ છે તેને ખુદ

ભોગ બનનારની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતુ ન હોય ભોગબનનારના માતા –પિતા ની જુબાની ઉપરથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૩૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે રજુ મેડીકલ પુરાવો જોવામાં આવે તો, સદર કામે સાહેદ નં. ૫ તરીકે ડો. લવજીભાઈ જીવાભાઈ રામાણીને આંક – ૩૯ થી તથા સાહેદ નં. ૬ થી ડો. હરેશભાઈ દલસુખભાઈ યાદવને આંક –૪૬ થી તથા સાહેદ નં. ૭ તરીકે ડો. જીલભાઈ ગીરીશભાઈ કગથરાને આંક–૪૮ થી તથા સાહેદ નં. ૧૩ તરીકે ડો. સાજનગીરી અનીલગીરી ગૌસ્વામીને આંક–૬૮ થી સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓએ કરેલ કાર્યવાહીની વિગતનું વર્ણન કરી ફરીયાદપક્ષને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે, પરંતુ તેઓની સમગ્ર જુબાની ધ્યાને લેતા મહત્વની હકિકતોનો વિરોધાભાષ જણાઈ આવે છે. તેઓની જુબાનીમાં તેઓ સમક્ષની હિસ્ટ્રીની વિગત ધ્યાને લેતા પણ આરોપીએ ભોગ બનનારનું બળજબરીથી અપહરણ કરેલ હોય કે આરોપીએ બળજબરીપૂર્વક ભોગ બનનાર સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવી હકિકત જણાઈ આવતી નથી. વધુમાં ડોકટર શ્રીઓની જુબાની તથા ડોકટરશ્રીઓની જુબાનીમાં રજુ થયેલ મેડીકલ દસ્તાવેજો જેમનાં તેમ વંચાણે લેવામાં આવે તો પણ જયારે ખુદ ભોગબનનારે જ તેવી હકિકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને ફરીયાદપક્ષનાં કેસની હકકીતને પણ લેશમાત્ર સમર્થન આપેલ નથી ત્યારે સદર મેડીકલ પુરાવાઓના આધારે પણ હાલના આરોપીને હાલના ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

(૩૯) વધુમાં આ કામે પોલીસ સાહેદોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદારેશ્રી એ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમજ જરૂરી તમામ પંચનામા કરીને, તેમજ તમામ દસ્તાવેજી પુરાવાઓ એકત્રિત કર્યા બાદ તેમની તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ રજુ કરેલાની હકીકત જણાવેલ છે, પરંતુ જયારે આ કામે ફરીયાદીની ફરીયાદ, સોગંદ પરનો પુરાવામાં તેમજ સાહેદ તથા ભોગ બનનારના પુરાવામાં જયારે પ્રથમદર્શનીય રીતે જ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ

કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની ફરજના ભાગરૂપે પુરાવો રજુ કરેલ તેના આધારે પણ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૪૦)** હાલનાં કામે સરકારશ્રી તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી ધ્વારા ભોગબનનારના કલમ ૧૬૪ મુજબનાં નિવેદનોનાં આધારે આરોપીને તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે. જયારે બચાવપક્ષે વિ. વ. શ્રી ની રજુઆત મુજબ હાલનાં કામે સ્વયં ભોગબનનારની સોગંદ ઉપરની જુબાનીમાં કલમ ૧૬૪ ના નિવેદનોની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેનાં પર આધાર રાખી શકાય નહી અને તે બાબતે નામદાર પટના હાઈકોર્ટનાં મદનરાય વિરુધ્ધ સ્ટેટ ઓફ બિહાર (ફેસલ તારીખ ૧૫/૦૯/૨૦૨૩) ના ચુકાદા પર આધાર રાખેલ છે. જેથી સદર બાબતે ચર્ચા કરતા અગાઉ સદરહુ ચુકાદો વંચાણે લેવામાં આવે તો પેરા નં. ૨૧ માં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદા ઉત્પલ દાસ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ પશ્ચિમ બંગાલ (૨૦૧૦)૬ એસ. સી. સી. ૪૩૯ ના ચુકાદા પર આધાર રાખી નીચે મુજબ નોંધેલ છે –

> "**21.** While convicting the appellants, the learned Trial Court mainly placed reliance upon the statement of the victim recorded under Section 164 of Cr.P.C. No doubt, the victim supported the allegations levelled by her in written FIR before the Judicial Magistrate in her statement recorded under Section 164 of Cr.P.C. but it is a settled principle of law that the statement recorded under Section 164 of Cr.P.C. can never be used as substantive evidence of truth of the facts and the same may be used only for contradiction and corroboration of a witness who makes it. In this regard, the observation made by Hon'ble the Supreme Court in the case of Utpal Das and another versus State

of West Bengal, reported in (2010) 6 SCC 493 is relevant and important. Though the victim's statements made in the chief examination in her court evidence are relevant to the alleged offences and the same also go in favour of the prosecution's case as well as the allegations levelled by her in the FIR but the victim did not remain firm to her stand in her cross examination and revealed a different story which goes against the prosecution story and also casts a serious doubt on the allegations levelled by her in her written FIR and statement recorded before the Judicial Magistrate.us"

હવે ઉપરોકત મુજબના ચુકાદામાં તથા તેમાં નોંધેલ નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત સાથે હાલનાં કેસની ચર્ચા કરવામાં આવે તો હાલના કામે ભોગબનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં કલમ ૧૬૪ મુજબના તેમનાં નિવેદનોની હકીકતોને સમર્થન કરેલ નથી અને તેઓએ તેમની જુબાનીમાં તેઓને પોલીસે કહેલ તે મુજબ ૧૬૪ નાં નિવેદનમાં મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ હકીકત જણાવેલ હોવાનું જણાવેલ છે. તેમજ ખુદ ભોગબનનારે તેમની જુબાનીમાં આરોપીએ ભોગબનનાર સાથે ભોગ બનનારની ઈચ્છા વિરુધ્ધ કોઈ દુષ્કૃત્ય કરેલ હોવાની કોઈ હકીકત જણાવેલ નથી કે ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરેલ ન હોય ત્યારે માત્ર સી. આર. પી. સી. ની કલમ ૧૬૪ મુજબના નિવેદનોની હકીકત માત્રથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

**(૪૧)** વધુમાં ફરીયાદ પક્ષ તરફે ગુનાવાળી જગ્યાનું પંચનામા, આરોપીઓના અટક પંચનામા, ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામા રજુ થયેલ છે. જે વંચાણે લેતા તેમાં ગુનાવાળી જગ્યાનું વર્ણન તથા આરોપીઓને અટક કરેલ તથા તેઓના કપડા કબજે કરેલ હોવાની હકીકત સ્પષ્ટ થાય છે, પરંતુ જયારે ભોગબનનારે જ ફરીયાદપક્ષના

કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય ત્યારે આ પંચનામાઓ પણ ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.

**(૭૨)** ફરીયાદ પક્ષે અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે પરંતુ આ દસ્તાવેજો પુરાવામાં વંચાણે લેવામાં આવે તો પણ જયારે ભોગબનનાર એ ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન કરેલ નથી ત્યારે આરોપીઓને આ ગુનામાં સાંકળી તકસીરવાન ઠરાવવા સદર દસ્તાવેજો ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી તેવુ અત્રેની અદાલતનું માનવુ છે.

**(૭૩)** વધુમાં, હાલના કામે ભોગ બનનાર ગર્ભવતી થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આરોપી નં.૧, ભોગબનનાર તથા ભોગબનનારના ભ્રૃણના નમુના ડી. એન. એ. ટેસ્ટ માટે મોકલવામાં આવેલ હતા. જે અંગે રજુ ફોરેન્સીક તપાસ રીપોર્ટ વંચાણે લેતા ભોગબનનાર તથા આરોપી નં.૧ તે ભોગબનનાર ભ્રૃણના બાયોલોજીકલ માતા–પિતા હોવા સાથે કન્સીસટન્સ હોવાનું જણાઈ આવે છે અને ફરીયાદપક્ષે પણ તેના પર આધાર રાખેલ છે. સદર બાબતે બચાવપક્ષે રજુ રાખેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો પ્રેમજીભાઈ બચુભાઈ ખાસીયા વિ. ગુજરાત રાજયનો વંચાણે લેવામાં આવેતો પેરા નં. ૧૧, ૧૪ થી ૧૮ માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

> (11) THE question, therefore, that arises for our determination is whether the DNA report can be the sole basis and conclusive evidence of the paternity of the child (foetus) or guilt of the accused for rape, in absence of any other evidence and whether the DNA can be considered as a substantive and conclusive piece of evidence to record conviction of an accused of rape on its sole basis.
>
> (14) IT is thus clear that positive DNA report can be of great significance, where there is supporting evidence, depending of course on the strength and quality of that evidence. If the DNA report is the sole piece of evidence, even if it is positive, it cannot conclusively fix the identity of the miscreant,

but, if the report is negative, it would conclusively exonerate the accused from the involvement or charge.

(15) THE science of DNA is at a developing stage and when the Random Occurrence Ratio is not available for Indian Society, it would be risky to act solely on a positive DNA report, because only if the DNA profile of the accused matches with the foetus, it cannot be considered as a conclusive proof of paternity. Contrarily, if it is solitary piece of evidence with negative result, it would conclusively exclude the possibility of involvement of the accused in the offence.

(16) THE DNA Science and Report is founded on probability theory. When the profiles of accused and foetus/child are consistent, it only shows a probability as per Random Occurrence Ratio. Obviously, it cannot be treated as conclusive proof and cannot be made use of as sole basis of conviction in a criminal case, more so when the Random Occurrence Ratio is not available of Indian Society.

16. 1 But, when it is found that the DNA profiles are not consistent or do not match, they conclusively rule out the possibility of involvement of the accused and can be used for recording an acquittal in a criminal case.

16. 2 We appreciate the action on the part of the Investigating Police Officer to opt for collection of scientific evidence in form of DNA Report. DNA Report plays an important role and its need and usefulness can not be underestimated. It is useful to any Investigating Police Officer to assess as to whether his investigation of a crime is on right track or not. It would save people from facing unwarranted prosecutions. But, when the question of appreciation of evidence of such report arises before a criminal Court, especially when such report is positive, it shall look for other evidence, particularly when such other evidence does not fall in line with the result in the positive DNA report or when such other evidence is in direct conflict with the opinion expressed in such positive report. Such report can be used as corroborative evidence ie. an evidence to substantiate other evidence. A positive DNA report cannot be the sole and conclusive evidence to record conviction in a criminal case.

(17) IN the case on hand, considering the peculiar facts and circumstances and evidence on record, the positive DNA Report should not have been accepted by the trial Court in isolation, i. e. as sole piece of evidence to record the conviction.

( 18 ) THE appeal is allowed. Conviction recorded by the Additional Sessions Judge, Fast Track Court No. 6, Bhavnagar in Sessions Case No. 123 of 2007 dated 15. 11. 2007 for the offences punishable under **Sections 363, 366, 376, 506 (2) read with Section 114 of the Indian Penal Code** is set-aside. Appellant - accused person is set at liberty forthwith, if not required in any other case. Fine, if paid, be refunded.

વધુમા સદર બાબતે બચાવપક્ષે રજુ રાખેલ નામદાર રાજસ્થાન હાઈકોર્ટનો ચુકાદો ભગવાન બૈરવા સ.ઓ. શ્રી પોખર વિ. સ્ટેટ ઓફ રાજસ્થાનનો વંચાણે લેવામાં આવેતો પેરા નં. ૧૧ માં નીચે મુજબ નોંધવામાં આવેલ છે.

11. Apart from this, a DNA report is merely an opinion of the expert and evidenciary value of the DNA is only corroborative. On the basis of such a corroborative piece of evidence, no conviction can be recorded in absence of substantial evidence particularly when the prosecutrix and her family members have not supported the prosecution case. The medical expert also did not find any sign of sexual assault on the person of the prosecutrix. It may also be noted that DNA is a developing science and the chance of human error in the results cannot be ruled out. Thus, conviction solely based upon DNA report is not safe. We fortify our view from the law laid down by the Hon'ble Apex Court in case of Manoj and Ors. Vs. State of Madhya Pradesh MANU/SC/0711/2022.

હવે ઉપરોકત મુજબના ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતોની સાથે હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો, હાલના કામે પણ ફરીયાદી, તેમના પત્નિ અને સ્વયં ભોગબનનારે તેમની સોગંદઉપરની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષની હકિકતોને વિશ્વસનીય રીતે સર્મથન કરેલ નથી તે સંજોગોમાં એક માત્ર ડી. એન. એ. રીપોર્ટને આધારે હાલના કામના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી અને સદર રજુ રાખેલ ચુકાદો આરોપીઓને મદદકર્તા જણાઈ આવે છે.

(૪૪) ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ હાલના કામે ફરીયાદપક્ષ ભોગબનનારની ઉંમર બનાવ સમયે સગીર વયની હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ છે, પરંતુ આરોપીઓ સામે ફરમાવેલ તહોમત મુજબ આ કામના ફરીયાદીની સગીર વયની દિકરી ભોગબનનાર, ઉ. વ. ૧૪ વર્ષ ૩ માસ ૧૯ દિવસનીને આરોપી નં. ૧ એ ભોગબનનાર ને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ, આરોપી નં.૨ થી ૪ નાઓએ આરોપી નં.૧ ને ગુનો કરવામાં મદદગારી કરી ગુન્હો કરેલ હોવા અંગેની પાયાની હકીકતો પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ – ૨૯ તથા કલમ –૩૦ નું અનુમાન પણ હાલના કેસમાં અમલમાં આવતુ નથી.

(૪૫) આમ, ફરીયાદપક્ષ એ શંકાથી પર પુરવાર કરી શકેલ છે કે ભોગબનનાર બનાવ વખતે **અઢાર વર્ષ** કરતાં ઓછી ઉંમરની હતી. જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ તે રીતે હકારમાં** આપવામાં આવેલ છે, પરંતુ ફરીયાદપક્ષે એ હકીકત શંકાથી પર પુરવાર કરી શકેલ નથી કે, આરોપી નં.૧ એ ભોગબનનારને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે, ફરીયાદીનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી, ભગાડી લઈ જઈ ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતાં ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરી, ભોગબનનારને ગર્ભ રાખી દઈ, આરોપી નં.૨ થી ૪ નાઓએ આરોપી નં.૧ ને ગુનો કરવામાં મદદગારી કરેલ હોય જેથી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ૨૦૧૨ ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. ક્રિમિનલ જયુરીસપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે અને આરોપી એ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી

અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવા પાત્ર છે તે ઘ્યાને લેતા ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ **હોય, મુદ્દા નં. ર નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.**

**<u>– : આખરી હુકમ :–</u>**

**૧.** આ કામના આરોપી નં. **(૧) ગોપાલ ઉર્ફે જાડો રમેશભાઈ વાઘેલા,** (ર) **ચંદુભાઈ માધુભાઈ માથાસુળીયા,** રહે. સુન્દરપરા, વાસાવડ, તા. ગોંડલ, જી. રાજકોટ. **(૩) રમેશભાઈ સુરાભાઈ વાઘેલા, (૪) રોહીતભાઈ રમેશભાઈ વાઘેલા,** રહે. નં. ૧, ૩ અને ૪ મોટા દેવળીયા, તા. બાબરા, જી. અમરેલી નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ર૩પ(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૬૩, ૩૬૬, ૩૭૬(ર)(એન), ૩૭૬(૩) તથા જાતીય ગુનાઓથી બાળકોનાં રક્ષણ માટેનાં અધિનિયમ, ર૦૧ર ની કલમ – ૪, ૬, ૮, ૧૭, ૧૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**ર.** આ કામે કબજે લેવાયેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયા બાદ નિયમોનુસાર નાશ કરવો.

**૩.** પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭–એની જોગવાઈ અન્વયે રૂ. ર૦,૦૦૦/– (અંકે રૂપિયા વિસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ ૧૮ મી, માહે સપ્ટેમ્બર, સને–ર૦રપ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૯/ર૦રપ
મુ. અમરેલી.

(ધમેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)
ચોથા એડી. સેશન્સ જજ તથા
સ્પે. જજ(પોકસો)અમરેલી.
જજ કોડ જીજે ૦૦૮૧૯